Barcode - 99999990836786
Title - Khoja social progress union na aashara hethal apayelan bhashano
Subject -
Author -
Language - gujarati
Pages - 102
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

# THE

# KHOJA SOCIAL PROGRESS UNION.

## ધી ખોજા સોશીયલ પ્રોગ્રેસ યુનીયન.

ના

આશરા હેઠળ અપાયેલા

## ભાષણો.

(તા. ૨૬-૫-૯૫ થી-૩૧-૧૨-૯૬.)

**પ્રતી ૧૦૦૦**

---

ધી "ગોવર્ધન મુદ્રાલય" માં છાપ્યું.

**મુંબઈ.**

---

૧૮૯૭.

૬૫૫૯

# THE

# KHOJA SOCIAL PROGRESS UNION.

## ધી ખોજા સોશીયલ પ્રોગ્રેસ યુનીયન.

ના

આશરા હેઠળ અપાયલા

## ભાષણો.

(તા. ૨૬-૫-૯૫ થી ૩૧-૧૨-૯૬.)

પ્રતી ૧૦૦૦

---

ધી "ગોવર્ધન મુદ્રાલય" માં છાપ્યું.

મુંબઇ.

---

૧૮૯૭.

# અર્પણપત્રીકા.

સખાવત, સુધારા તથા કેળવણીમાં

આગળ વધતી

**આપણી ખોજા કોમને**

અને ખશુશન કરીને કોમના જે

**આગેવાનો**

પોતાના ધંન, મન તથા તનથી કોમને આગળ

વધારવામાં જે માન ભરી કોશેશ કરે છે તેઓને

તથા

**ઉધરતા જુવાન્યાઓ**

કે જેવોએ સભાસદ થઈ આએ

" ખોજા સોશીયલ પ્રોગ્રેસ યુનીયન "

ને આશરો આપી આવી એક મંડળીને સંગીન પાયા ઉપર લાવવાને

ઉત્તેજન આપે છે તેઓને

આ પુસ્તક

માન સાથે અર્પણ કરવામાં આવે છે.

તા૦ ૧૩-૫-૯૭.

# પ્રસ્તાવના.

ગુજરાતી સાહીત્યમાં આવા અને એથી પણ ઉંચી પંકતીના એક નહીં પણ અનેક પુસ્તકો હસતી ભોગવે છે પણ ખોજા જુવાન્યાઓએ એક ખોજા મંડળીના આશરા હેઠળ આપેલા ભાષણોનું આ પેહલુંજ પુસ્તક છે. ઉપલી યુનીયનના આશરા હેઠળ અપાયલા ભાષણોને એક પુસ્તકના આકારમાં છપાવવાની અગત્યતા યુનીયનની કારોબારી મંડળીને જણાવવા લાગી પણ તે કામ પાર ઉતારવા જોઇતા નાણાંની પુરતી જોગવાઇ કમીટી પાસે ન હોવાથી એ કામ એમજ રહી ગયું હતું. આખરે એ વાત એક જુવાન ઉમંગી ખોજા ગ્રહસ્થના સાંભળવામાં આવી અને તે ગ્રહસ્થે આવા એક પુસ્તક છપાવવાનો સઘળો ખરચ પોતે ઉપાડી લેવાનું માથે લીધું, અને યુનીયનની કારોબારી કમીટીને માંગણી કરી કે અપાયેલા ભાષણોનો એક સંગ્રહ પુસ્તકના આકારમાં છપાવવાનો સઘળો ખરચ તે આપવા તૈયાર છે. કમીટીએ એ ઉપરથી તા૦ ૧ લી નવેમ્બર સને ૧૮૯૬ ના એ બાબદ ઉપર વીચાર ચલાવવા સભાસદોની એક જનરલ સભા બોલાવી, જે સભામાં તે ગ્રહસ્થની ઉપલી માંગણી ઘણાજ ઉપકાર સાથે એકમતે કબુલ કરવામાં આવી તથા તે કામ પાર ઉતારવા ત્રણ જણાની એક કમીટી નેમવામાં આવી હતી. એજ સભામાં ભાષણોની ચોપડીઓ યુનીયનના સભાસદોમાં તેમજ ખોજા કોમમાં છુટથી મફત વહેંચવાના તથા તા. ૩૧ મી ડીસેમબર સને ૧૮૯૬ સુધી અપાએલા સઘળા ભાષણો છપાવવાના ઠરાવો પસાર થયા હતા.

ઉપલા ઠરાવો પસાર થયા પછી સભાસદો પાસેથી ભાષણોની નકલો મોકલી આપવાની માંગણી કરવામાં આવી ત્યારે કેટલાક સભાસદો પોતાના ભાષણોની નકલ ખોવાઇ ગયેલી અથવા બીજા કારણોને લીધે આપી શકવાની અશકયતા જણાવી ભાષણો મોકલી શકયા નહીં. જેથી છપાવવામાં આવેલા ભાષણોની સંખ્યા ફકત ૧૩, ની થઈ શકી છે. આએ ભાષણોની લખાવટમાં શેજ શાજ સુધારો કરી અસલ લખાંણને વળગી રહી છપાવવામાં આવ્યા છે.

આ પુસ્તક તા. ૩૧ મી મારચ સને ૧૮૯૭ ના છપાની તૈયાર કરી આપવાનું અમને જણાવવામાં આવ્યું હતું પણ ત્યાર પછી મુંબઈમાં ઓચીંતી ફાટી નીકળેલી મરકીને લીધે છાપખાનાવાળાઓને ત્યાં કામ કરતા માણસો મુંબઇની બહાર નીકળી ગયેલા હોવાથી છાપખાનાવાળાઓ ઘણા વધારે ભાવ માંગતા અને અડસટા કરતાં ખરચ એ રીતે વધી જતો હોવાથી છપામણીનું કામ થોડા અઠવાડયા સુધી મુલતવી રાખવું પડયું હતું અને એ રીતે આ પુસ્તક બહાર પાડવાને ૭ અઠવાડયાની ઢીલ થઇ છે જે માટે અમો દરગુજર ચાહીયે છીયે.

ભાષણોના પ્રુફ તપાસવામાં મી૦ હાશમભાઈ બોધા માસતરે મદદ કરી છે તે માટે એવણનો આ પ્રસંગે ઉપકાર માનીએ છઈએ. આ ચોપડીનું કામ સરંજામ ઉતારવા જે કમીટી નેમાઇ હતી તેમાંથી મી૦ રજબઅલી ભાઇ રામજીને કાંઇ અગત્યના કામ માટે બહાર ગામ જવું પડયું છે.

છેવટે કોઇપણ પ્રકારનું નામ કાઢવાની લાલચ વગર જે ગ્રહસ્થે આ પુસ્તક છપાવવાનો સઘળો ખરચ આપી આ યુનીયનને વખતસરની મદદ કરી ખોજા કેળવણી વગેરેને ઉત્તેજન આપનારી જે શરૂઆત કરી છે, તે સારૂ અમો એ જુવાન ગ્રહસ્થનો ખરા અંતઃકરણથી ઉપકાર માનીયે છીયે. એવણની ખાસ ભલામણથી અમો એ ગ્રહસ્થનું નામ બહાર પાડી શકતા નથી. આવું એક પુસ્તક છપાવવાની અમારી પેહલીજ કોશેશ હોવાથી તેમાં જે દોષ હોય તેને માટે સુગ્નવાંચનાર દર ગુજર કરશે એવી અમો આશા રાખીએ છઇએ.

લા૦ સેવકો

મુંબઇ, તા. ૧૫ મી મે સને ૧૮૯૭.

ડા. કાસમઅલી જમાલ જી. બી. બી. સી.
વેટરનરી સરજયન.

મી. હુશેનભાઇ જુસબ.

# શ્રી ખોજા સોશીયલ પ્રોગ્રેસ યુનીયન.

(સ્થાપન થઇ તા૦ ૨૬-૫-૯૫.)

સ્થાપન થવાના કારણો.

ખોજા જુવાન્યામાં જાહેરમાં ભાષણ કરવા, તથા અરસપરસ વાદ વીવાદ ચલાવી જ્ઞાન મેળવવા એક પણ સાધન નહીં હોવાથી, કેટલાક જુવાન્યાઓએ લાંબા વીચાર પછી એવી એક મંડળી ઉભી કરવાનો નક્કી વિચાર કર્યો. તેઓની મેહેનતથી આશરે વીશેક કેળવાયલા ખોજા જુવાન્યાઓ, એ મંડળીના સભાસદો થવાને કબુલ થયા, એથી ઉલટ પકડી મંડળી ઉભી કરનારાઓ એક ખાનગી સભા મેળવી એવા છેવટ ઉપર આવ્યા કે, એક મંડળી સ્થાપી તેની સભા દર પખવાડીએ બોલાવવી. મંડળીનો લવાજમ ત્રીમાસીક માત્ર રૂપીઓ અરધો રાખવો કે જેથી કોઇ સભાસદને ભારી પડે નહીં; તેમજ મધ્યમ તથા ગરીબ સ્થીતીના જવાનો પણ તેનો લાભ લઈ શકે. આવા નાના લવાજમની ઉપજમાંથી તેઓ મંડળી માટે એક ખાસ મકાન ભાડે રાખે એ અશકય હતું અને તેટલા માટે તેઓએ "મુલજીભાઇ જીવરાજ ખોજા રીડીંગ રૂમ તથા લાયબ્રરી" ની કારોબારી મંડળી પાસે ઉપલી લાયબ્રરીનો પાછલો રૂમ દર પખવાડીએ રવીવારના એ મંડળીને વાપરવા આપવા વીશે લખવાને ઠેરાવ કર્યો. વળી તેઓએ એવો વીચાર કર્યો કે મંડળી બધા જુવાન સભાસદોની બનેલી હોવાથી તે ઉપર દેખરેખ રાખવા તથા મંડળીના સભાસદોનું કામ શાંતીથી ચાલે તેટલા માટે ઉમરે પુગેલા કેળવાયલા ગ્રહસ્થોને મંડળી તરફના ભાષણો વખતે શરનશીનની ખુરસી આપવી. એવા છેવટ ઉપર આવ્યા પછી, તેઓએ લાયબ્રરીનો પાછલો રૂમ વાપરવા આપવા બાબદ લાયબ્રરીના સેક્રેટરી સાથે પત્ર વેહેવાર ચલાવ્યો. કેટલાક પત્ર વહેવાર ચાલ્યા બાદ લાયબ્રરીની કારોબારી મંડળીએ પાછલો રૂમ નીચલી શરતોએ ખુશીથી વાપરવા આપવા કબુલ કર્યું. જે શરતો એ હતી કે એ મંડળીની દર સભા વખતે પ્રમુખની ખુરશી લાયબ્રેરીની કારોબારી મંડળીના એક સભાસદને આપવી. ભાષણની બાબદ ભાષણ આપનારના નામ સાથે આઠ દીવસ અગાઉ લાયબ્રરીના સેક્રેટરીને લખી

જણાવવી, તથા જે દીવસે લાયબ્રરીની મેનેજીંગ કમીટીની મીટીંગ મલનાર હોય, તે દીવસે સવારના પાછલો રૂમ, તેઓ વાપરવા આપશે નહીં. મંડળી સ્થાપનારાઓએ ઉપલી શરતો કબુલ રાખી, અને તારીખ ૨૬ મી મે સને ૧૮૯૫ ના ઉપલી સોસાયટીના સભાસદોની શરૂઆતની એક ખાસ સભા, મી૦ મનજીભાઇ કરીમના પ્રમુખપણા હેઠળ, ઉપલી લાયબ્રરીમાં મલી હતી. એ સભામાં કેટલીક તકરાર પછી મંડળીનું નામ **"ધી ખોજા ડીબેટીંગ સોસાયટી"** રાખવામાં આવ્યું, અને સાત મહીના સુધી ઉપલી મંડળીનો કારોબાર ચલાવવા પાંચ સભાસદોને મેનેજીંગ કમીટીના સભાસદો તરીકે ચુંટી કાઢવામાં આવ્યા. જેઓએ મંડળી માટે જોઇતા કાયદાઓ ઘડી કાઢી એક ખાસજનરલ સભામાં પસાર કરાવ્યા.

ત્યાર પછી મંડળીનું કામ મક્કમપણે આગળ ચાલતું ગયું અને તા૦ ૩૧ મી ડીસેમબર સને ૧૮૯૫ ના પુરી થતી છ માસીક સભા વખતે સભાસદોની સંખ્યા વધીને લગભગ ૭૬ ની થવા આવી. સભાસદોની સંખ્યા વધવાનું એ પ્રમાણે આજ સુધી ચાલુ રહયું છે અને સભાસદો-દેશાવર જવાથી અને એવા બીજા કારણોથી રાજીનામું આપ્યા છતાં પણ સભાસદોની સંખ્યા હાલમાં લગભગ ૧૫૦ ની થવા આવી છે.

તા૦ ૧ લી જુન સને ૧૮૯૬ ના મળેલી જનરલ સભાએ જે કાયદાઓ પસાર કર્યા હતા તે પાછળથી યુનીયન માટે પુરતા ન જણાયાથી જેમ જેમ ખામીઓ જણાતી ગઈ તેમ તેમ છ માસીક જનરલ સભાઓ વખતે તથા બીજી ખાસ સભાઓ વખતે કાયદામાં ઘટતો સુધારો કરી કાયદાઓ જેમ બને તેમ મંડળીને અનુસરતા કરવાની બનતી કોશેશો કરવામાં આવી હતી. એજ અરસામાં કારોબારી કમીટીએ જોયું કે ખોજા કોમમાં એવી કોઇ પણ મંડળી હસતી ધરાવતી નથી કે જે સંસારી વગેરે સુધારાઓ ખોજા કોમમાં દાખલ કરવાને કોશેશ કરે એવી એક મંડળીની અતીશય જરૂર જણાયાથી તે કામ આ મંડળીની કારોબારી કમીટીએ ઉપાડી લેવાની કોશેશ કરી પણ મંડળીના તે વખતમાં હસતી ધરાવતા કાયદાઓ એવી કોઈ પણ જાતની કોશેશને આડે આવતા જણાયા. મંડળી જ્યારે પહેલી સ્થપાઇ ત્યારે તે સ્થાપનારાઓ માત્ર "ખોજા જુવાન્યાઓમાં જાહેરમાં ભાષણ કરવાની

જીજ્ઞાસા ઉત્પન કરવા, તથા વિદ્યા હુન્નરોને લગતી બાબતોપર વીવેચન કરી, તે પર તકરાર કરી, અરસ પરસ જ્ઞાન ફેલાવવા " ની નેમ રાખી હતી કે જે નેમો ઉપર કહ્યા મુજબ ઘણી સાંકડી જણાઇ. મંડળીની નેમો વધારવાની જરૂર એ પ્રમાણે લાંબા વખત સુધી જણાયાથી આખરે કેટલાક સભાસદોએ મંડળીની નેમો વધારવા તથા તેને અનુસરતું થવા મંડળીનું નામ પણ બદલાવવાની દરખાસતો લાવવાનું નકી કર્યું અને તા. ૪ થી એપ્રીલ સને ૧૮૯૭ ના મળેલી એક ખાસ જનરલ સભામાં ઘણી તકરાર પછી સભાદોએ સર્વના એકમતે મંડળીનું અસલ નામ "ધી ખોજા ડીબેટીંગ સોસાયટી" ફેરવીને "ધી ખોજા સોશીયલ પ્રોગ્રેસ યુનીયન" રાખ્યું છે અને તેજ મીટીંગમાં તેની નેમો વધારી જે, આ મંડળી ખોજા કોમમાં સંસારી સુધારા કરવાને તેમજ સામાન્ય લાભકારક થઇ પડે એવા બીજા કોઇપણ કામો બજાવવાને તથા ખોજા કોમને લગતી સંસાર સંબંધી તેમજ વિદ્યા હુન્નર વગેરેને લગતી બાબતોપર વીવેચન કરી, તે ઉપર તકરાર ચલાવી અરસ પરસ જ્ઞાન ફેલાવવા માટે સ્થાપવામાં આવી છે.


યુનીયનના સભાસદોમાં અરસ પરસ ભાઇબંધીની ગાંઠ મજબુત બેસાડવા દર વરશે યુનીયન તરફથી એક વારસીક મેલાવડો કરવામાં આવે છે કે જે મેલાવડાની શરૂઆત તા૦૨૬ મી મે સને ૧૮૯૬ ના કરવામાં આવી હતી કે જે દીને મંડળી સ્થાપવાને બરાબર એક વરસ પુરૂં થયું હતું. એ મેલાવડામાં બીજી કેટલીક ચીજો જોડે શેકસ્પીયરની કલમથી લખાયલો "ધી એસોશીનેશન ઓફ જુલીયસ સીઝર" નામના વખણાયલા ખેલનો એક ભાગ અંગ્રેજીમાં કેટલાક સભાસદોએ ભજી બતાવ્યો હતો. મંડળીની હાલમાં વધેલી નેમો સાથે આ વખતે ખોજા કોમને લગતો એક સંસારી ખેલ રજુ કરવાની આશા રાખવામાં આવે છે અને વખત જતાં એવા વારસીક મેલાવડાની અગત્યતા વધારવાની તથા તે વખતે ખોજા કોમને તથા યુનીયનને સામાન્ય રીતે લાભકારક થઇ પડે એવી ચીજો દાખલ કરવામાં બનતું કરવામાં આવશે.

ગયા બે વરસમાં સંખ્યબંધ ખોજા જુવાન્યાઓએ યુનીયનના આશરા હેઠળ અંગ્રેજી તથા ગુજરાતીમાં નીબંધો વાંચી તથા મોઢેથી

ભાષણો આપ્યા હતા, અને કેટલાક જુવાન્યાઓ કે જે સાધારણ સંજોગો વચ્ચે એક બોલ પણ જાહેરમાં બોલવાની ન હીમત કરે તેઓ યુનીયનમાં બોલવાની ટેવ પાડી સામાન્ય ખોજા કોમના ફાયદાઓ સારૂં મળેલી સભાઓમાં પણ વારંવાર ભાગ લેતા જણાયા છે. છેવટે આશા રાખવામાં આવે છે કે યુનીયનની વધારેલી નેમો સાથ વખત જતાં " ધી ખોજા સોશીયલ પ્રોગ્રેસ યુનીયન " ખોજા કોમના સામાન્ય ફાયદાઓ સારૂ સંગીન કામો બજાવવા શકતીવાન થાય.

કા૦ જ૦

હુ૦ જુ૦



# અનુક્રમણિકા.


| નંબર. | વીષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧. | જાહેર ભાષણથી થતાં ફાયદા ... ... ... | ૧ |
| ૨. | ખેતીવાડીને લગતી કેળવણી ... ... ... | ૬ |
| ૩. | મુસાફરીથી થતાં ફાયદા ... ... ... ... | ૧૪ |
| ૪. | ભાઇચારો અને સંપ ... ... ... ... | ૨૦ |
| ૫. | જાતીભરોસો અથવા જાતીઆધાર ... ... ... | ૨૯ |
| ૬. | કેળવણી એટલે શું અને તે કહેવી હોવી જોઇએ ... | ૩૪ |
| ૭. | વખતનો ઉપયોગ ... ... ... ... ... | ૪૦ |
| ૮. | હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્ય ... ... ... | ૪૫ |
| ૯. | બાળલગ્નથી થતાં ગેરફાયદા... ... ... ... | ૫૧ |
| ૧૦. | તંદુરસ્તી જાળવવાના નીયમો ... ... ... | ૫૮ |
| ૧૧. | ફરજ ... ... ... ... ... ... | ૬૬ |
| ૧૨. | વાંચણ ... ... ... ... ... ... | ૭૨ |
| ૧૩. | ખરૂ સુખ કેમ મેળવવું ... ... ... ... | ૮૦ |

# જાહેર ભાષણથી થતા ફાયદા.

**ભાષણ કર્તા મી૦ રજબઅલી રામજી.**
**પ્રમુખ મી૦ મામદભાઇ જાફર મુખી.**

તા૦ ૭-૭-૯૫.

ઉપર આપેલું મથાળું એટલું તો શહેલું છે કે અર્થ કાઢવાની કાંઇ જરૂર નથી. જાહેર ભાષણ થવાના ઠેકાણા તરીકે મંડળો ઊભા થયલા છે અને એવા મંડળોમાંનો એક આપણો "ધી ખોજા સોશીયલ પ્રોગ્રેસ યુનીયન" આપણી ખોજા કોમના જુવાન્યાઓએ ઉભું કરેલું હોવાથી અતિ ખુશાલી ફેલાઇ રહી છે. હવે એવા મંડળો જેનું કર્તવ્ય ભાષણો આપવાનું છે, તેથી શું શું ફાયદા થાય, એ મંડળો ન હોય તો શું શું નુકશાન ખમવા પડે તથા કેવા ધોરણો ઉપર ઉપલા મંડળો ચાલવા જોઇએ, તે વીશે જુદું જુદું લખાણ અને વીચારો, આજના વિષયમાં જણાવવામાં આવશે. ચાર અથવા વધારે માણસો અનિતિના ખ્યાલ ટપ્પા. કેફ અથવા કોઇ તરેહેનું ટાહેલું કરવા બેશે અને તે માણસોમાં પછી થોડાક વિદ્વાન હોય. તોપણ તે મંડળી અથવા સભા મળી છે એમ કહેવાશે નહીં. પણ ચાર અથવા વધારે માણસો એકઠા મળી કોઈ વિદ્યાજ્ઞાનના અથવા લાભ થાય ને જશ મળે, તેવા કામના વિષયોપર ભાષણો આપે તો તેવા મળેલા લોકોના ટોળાને મંડળ અથવા સભા કહેવાય છે. રાજકારભારીઓની, વિદ્વાનોની, વેપારીઓની, વિદ્યાર્થીઓની વગેરેની મંડળી જ્યાં થોડા ઘણાં જણ એકઠા થઇ એક સંપથી એકાદા કાર્ય વિષે રૂડી રીતે ચર્ચા ચલાવતા હોય, તે પ્રસંગે મંડળી એટલે સભા શબ્દ પરવડે છે. હિંદુસ્થાન દેશ ઘણા પ્રાચીન કાળથી જગતમાં પ્રસિદ્ધ છે. એની કીર્તિનો પ્રકાશ જે પુર્વે હતો તે હાલ નથી. કારણ શું? આપણા લોક કહેશે કે એમ થવાને ઇશ્વરેચ્છા છે. ઉદય અસ્ત, ભરતી ઓટ, ચડતી પડતી, જગતમાં થયા કરે છે.

હું પણ કહું છું કે ઇશ્વરેચ્છાથી સઘળું થયા કરે છે, પણ આ રીતે કે ઇશ્વરના ઠેરવેલા નિયમ પ્રમાણે, કારણ ઉપરથી કાર્ય બને છે માટે કોઇપણ કાર્યને કારણ અવશ્ય જોઇએ? તો હિંદુસ્તાનની પડતી દશા આવવાના પણ કારણો ઘણા છે. પણ તેમાં મુખ્ય આ છે કે એ દેશમાં રાજ્ય વર્ગમાંના ભણેલા, અને પ્રજા વર્ગમાંના ભણેલા, એઓએ એકઠા મળી રાજકીય તથા સંસારીક વિષયોપર જાહેર ભાષણો આપી રૂડી રીતે ચર્ચા કરવાનું ધોરણ હિંદુસ્તાનના વચ્ચગાળેના વખતમાં રાખયો હોય એમ ઇતિહાસપરથી દીસતું નથી પ્રાચીન કાળમાં મંડળી મળવાનો એટલે ભાષણો તથા વાદ વીવાદ કરવાનો રવૈયો હોય એમ લાગે છે. એ વિશે ઇતિહાસ કાંઇ સંપુર્ણ વિગતો પુરી પાડી શકતો નથી. પણ તેવું હશેજ, એ વિશે થોડાકનેજ શંકા હશે. પણ વચ્ચગાળેના વખતમાં એટલે લગભગ પાંચથી સાત શદીઓ અગાઉ જુદા જુદા પુરૂષો પોતપોતાના સમયમાં પોતપોતાના યશબતાવતા, પણ એક સંપે થતા કાર્યના જે જશ તેના લાભ લોકોને ન મળતા. એકના અને છુટક છુટક કેટલાકનાં બળ કરતાં જુદા જુદા સંપનાને પછી એકત્ર સંપના, બળ વિશેષ હોય છે. એ એકત્ર સંપ માત્ર વિષયો અથવા ભાષણો જાહેરમાં થાય, તથા વ્યાજબી સંપ સંપીથી વાદ વીવાદ થાય તોજ મેળવી શકાય છે. એ સંપબળ હિંદુસ્તાન દેશના લોકોમાં નહિ, અને એ બળ વધારવાને ઘણા જણે એકઠા મળી વિચાર કરવો એ ચાલ નહિ, માટે હિંદુસ્તાન દેશની દુર્દશા થઇ છે. કોઇ કહેશે કે દુર્દશા શી થઈ છે? તો શહેલાઇથી જણાવી શકાશે. કે દેશના રાજા બદલાયા છે, દેશીઓના હાથમાંથી રાજ્ય પરદેશીઓના હાથમાં ગયું છે, દેશીઓએ સત્તા ખોઇ છે, માન ગુમાવ્યા છે. શુરાનું નખોદ વળ્યું છે, પૈસે ટકે દેશ ખમતું થયું છે, લોકો વહેમી, મુર્ખ, કાયર, નિરૂઉધ્યમી, વ્યસની ને દરિદ્ર બન્યા છે વિગેરે અનેક ગેરફાયદા ઘણું કરીને જાહેર ભાષણો એટલે મંડળીઓ ન હોવાથી થયા હોય એમાં લેશ પણ સંદેહ નથી.

આપણે વિદ્યાર્થીઓએ જે આ મંડળી સ્થાપી છે, તેવી મંડળીઓથી બહુ લાભ છે. એ વિશે તો બે મત હોયજ નહીં, તો મોટા વિદ્વાનોની સભાઓમા રાજ્ય નિતીની ચર્ચા ચાલતી હોય, અને વેપારીઓ કારીગરો પોતપોતાની મંડળીમાં પોતાના વિષયોપર ભાષણો આપતા હોય તો તેથી અનેક અને અગણિત ફાયદાઓ દેશને થયા વગર રહેજ નહીં.

આપણા જેવી મંડળીઓમાં ભાષણો કરવાથી તથા નિબંધો વાંચવાથી ને પછી ચર્ચા ચલાવેથી ભાષા સુધરે છે, મનમાંની વાત સહેલાઈથી બહાર આવી શકે છે. ચારમાં નિર્ભયપણે ને વિવેકે બોલતાં આવડે છે, ઘણી ઘણી વાતોની જાણ થાય છે, સમજ શકિત વધે છે, ને નવી નવી યુકતિઓ જડે છે, દુરાચરણ ત્યાગ કરવાનું અને સદાચરણ ગ્રહણ કરવાનું મન થાય છે, ને આપણે સદાચારીને ઉદ્યમી થઇ છીએ. ભાષણો કરવા નિબંધો લખવા એ કંઇ જેવી તેવી વાત નથી. પોતાના મનના વિચાર એક પછી એક એમ સંબંધમાં અસરકારક દાખલા સાથે અસર કરે તેવી રીતે બહાર પાડવા પડે છે, અને એને સારૂ વિદ્વાનોના મત તથા તેઓની લખવાની ઢબ એ પણ જાણી લેવાની જરૂર પડે છે. એ કામનો અભ્યાસ કરવાના પ્રસંગ મંડળીઓજ છે.

આ દેશમાં ભાષણો આપવાનો ચાલ, ઉપર જણાવ્યા મુજબ વચ્ચગાળેના વખતમાં ન હોવાથી, લોકો એ બાબતમાં તરત તો સમજી શકશે નહી, પણ જે લોકમાં મંડળી મળવાનો ચાલ ચાલ્યો આવ્યો છે, તે લોકના વિચાર, આચાર, ઉદ્યમ ઉપર જ્યારે આ દેશના લોકનો ધ્યાન ખેંચાશે ત્યારે તેઓને ખાત્રીથી જણાશે કે મંડળીઓ મળવાના ચાલથી મોટા મોટા ફાયદા છે. જણાવવાની જરૂર નથી કે જુદી જુદી કોમના લોકોનું લક્ષ મંડળીઓ સ્થાપન કરી ભાષણો કરી લાભ મેળવવા તરફ દોરાયું છે, અને તેથી આ દેશને વખત જતે ઘણો ફાયદો થાશે, એમ વિદ્વાનો જણાવે છે. ઈતિહાશ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવશે કે પ્રાચીનકાળમાં ઈંગ્લાંડવાશીઓ જેમ હાલમાં આફ્રીકનો છે તેઓની માફક મુદલ જંગલી હાલતમાં હતા, જ્યારે વચગાળેના વખતમાં તેમજ હાલના વખતમાં દુનિઆની સપાટીપરની સર્વ પ્રજાઓપર તેઓ આચાર વિચારમાં, વેપાર ધંધામાં, ઉદ્યમ હુન્નરમાં, શરતોપરી ભોગવે છે. એ હાલતે પોંચવાને કેટલાક કારણો હશે, પણ તેમાં મુખ્ય એમ જોવામાં આવવાનું કે તેઓએ સર્વ પ્રસંગે મંડળીમાં વિચાર કર્યા છે, ને સંપે કામ થયાં છે. જે જે શારૂ શુંદર, જસાળુ, ને લાભકારી, તેનો તેઓએ શોધ કરી સ્વીકાર કરવા માંડ્યો અને દહાડે દહાડે જુની ગેરફાયદાની વાત મુકતા ગયા; ને ફાયદાની વાત લેતા થયા. ઈંગ્લાંડ ફ્રાન્સ ને યુનૈટેડ સ્ટેટસના લોક પૃથ્વી ઉપર બીજા દેશો કરતાં હાલ

સર્વે પ્રકારે ઉત્તમ સ્થિતિમાં છે, તેનું મુળ કારણ આ છે કે ત્યાં શહેરે શહેર, ગામેગામ, મોહલ્લે મોહલ્લે ને ચકલે ચકલે મંડળી મળવાનો ને જાહેર ભાષણ કરવાનો ચાલ છે. અજ્ઞાન, દુ:ખને દુરાચરણનો નાશ થઇ સર્વ પ્રકારના સુજ્ઞાન, સુખને સદાચારની પ્રાપ્તી થાય છે, તે મંડળી મળી સારી સંગત વિદ્યાને સંપથી કામ કરવાનો ચાલ ચલાવેથી થાય છે. લોક ગાંડાના ડાહ્યા, મુર્ખના વિદ્વાન, દારિદ્રના ધનવાન, અને અરાજ્યના રાજ્યવાન થાય છે, એ સૌ મંડળીમાં ભાષણો તથા વાદવિવાદ કરી, શારાનુગ્રહણ કરવાથી થાય છે. જાહેર ભાષણો થવા ઉભી થયેલી મંડળીઓના લાભ વીશેનો એક અતિ ઉત્તમ દાખલો જે તવારીખ પરથી જણાય છે તે જાણીને માણુસ જાતને ખચીત ઘણીજ ખુશાલી ઉત્પન થયા વગર રહેજ નહી. અગાઉના વખતમાં આફ્રીકા દેશનાં જંગલી લોકોને પકડી વેચવાનો ધંધો મોટા પાયા ઉપર ચાલતો. બીચારા સીદ્દી લોકોને શું ખમવું પડતું તેનો ખ્યાલ માત્ર એ વિષય ઉપર લખાયલી ચોપડીઓ વાંચવાથી શહેલાઇથી આવી શકશે. આ ગુલામી ધંધો અંગ્રેજ લોકોને ધર્મ વિરૂદ્ધ છે એમ કોઇક વિદ્વાનોએ મત આપવાથી, એ બાબતપર ચર્ચા કરવા ૧૭૬૦ થી મંડળીઓમાં ગુલામી ધંધા વિરૂધ નિબંધો વંચાયા, ચર્ચા થઇ, અને અંતે તેમાં અંગ્રેજ લોકોને ફતેહ મળી, એટલે ગુલામી ધંધો હવે સદંતર બંધ થયો છે. એ કામમાં ટોમ્સ કર્લાકસ્ન નામે પુરૂષે પોતાની જીંદગી ગુજારી હતી ને જો કે તેને પ્રથમ અણુસમજુ ને સ્વાર્થી લોકો તરફથી ઘણું વેઠવું પડયું હતું, તોપણ તેણે પોતાની અથાગ મહેનતનો બદલો જોયો, ને તે આજ એક મોહોટો પરમાર્થી પુરૂષ થઈ ગયો, એમ સંધે કહેવાય છે.

હવે આપણે જાહેર ભાષણો કેવા ધોરણોપર અપાવવા જોઇએ એ વિષયપર થોડાક વિચાર જણાવી આ વિષય સમાપ્ત કરવામાં આવશે. મંડળીઓમાં ભાષણ કરવાની રીત આ પ્રમાણે હોવી જોઇએ, કે જેઓ જે વિષય વિશે વિચાર કરવાને એકઠા થયા હોય તેઓમાંના શકતિમાન પુરૂષોએ વારાફરતી, ભાષણો કરી પોતપોતાના વિચાર જણાવવા, અથવા એકનું ભાષણ થઈ રહ્યા પછી બીજાએ પણ અનુક્રમને વિવેકની વાણીમાં પોતપોતાના વિચાર જણાવવા. ઘણી વખત જ્ઞાતિની મંડળીમાં અને વિદ્વાનોની મંડળીમાં વાદવિવાદ કરતાં ક્રોધના આવેશમાં એકબીજાને

તુચ્છકારના શબ્દો કહે છે, તે વેળાએ મારામારી કરવાને પણ ઉભા થાય છે. તે બહુજ ખોટું છે તેઓનામાં સભ્યતાનું કર્મ જોવામાં આવતું નથી, તેથી એઓના એકઠા મળવાને સભા મળી છે એમ કહેવું ઘટતું નથી. પછી ઉદ્દેશ ગમે તેટલો સારો હોય તો શું થયું ? સભામાં બોલવાનો વિવેક પણ અભ્યાસથીજ થાય છે માટે અભ્યાસ વધારવાને વિદ્યાર્થીઓએ મંડળીઓ કાઢવી જોઇએ તેમાં ભાષણો આપવા જોઇએ ને વિદ્વાનોની મંડળીની રીતભાત જોવી જોઈએ. ઉપલા નિયમો પ્રમાણે દરેક સભાસદોને ચાલવાની ઘણી જરૂર છે, અને એમ જો થશે તો અવશ્ય મંડળી મળવાથી એટલે જાહેર ભાષણથી થતા ફાયદા પ્રાપ્ત કરી શકાશે.

# ખેતીવાડીને લગતા જ્ઞાનથી થતા ફાયદા.

ભાષણકર્ત્તા—**હાજી મામદ મુરાદ પ્રેમજી.**

પ્રમુખ—**ઇબરામભાઇ રેહેમતુલા કાદરભાઇ.**

તા૦ ૧૪-૯-૦૫.

ઉપલો વિષય એવો વિશાળ અને અગત્યનો છે કે ખેતીવાડીને લગતા જ્ઞાનના પુસ્તકો વિદ્વાન અને કેળવાએલા લોકો ઉમંગથી વાંચે છે, તેને ગ્રહણ કરે છે અને તેવા જ્ઞાન બીજાઓ સંપાદન કરે તે માટે પ્રયત્ન કરે છે.

ખેતીવાડી માત્ર હળ ખેડી ધાન્ય ઉગાવવામાંજ સમાએલી છે એમ નથી પણ તેને લગતા જ્ઞાન જેવા કે—ભૂશાસ્ત્ર વિદ્યા, ઝાડપાનને લગતી વિદ્યા અને રસાયણશાસ્ત્ર વિદ્યા. એ જ્ઞાન સંપાદન કરી પોતાના ધંધામાં સુધારો અને વધારો કરે તો આખી આલમને ફાયદો થાએ. એટલા માટે વિદ્વાનોનો એવો મત છે કે અંગ્રેજ સરકારે ખેડુતો માટે નિશાળો કાઢવી અને તેમાં ઉંચા ધોરણની કેળવણી આપી એ સઘળા જ્ઞાનોથી તેમને માહીતગાર કરવા. ખેડુતો પોતાની ગરીબ અને દરિદ્ર હાલતમાંથી છુટી એ સ્થીતી ઉપર આવશે તેને ઘણોજ વિલંબ લાગશે તેના કરતાં હાલ જેઓ ઉચા પ્રકારની કેળવણી લઇને પચીસ કે પચાસ રૂપીઆની સરકારી નોકરી માટે યત્ન કરે છે તે કરતાં ખેતીવાડીનો ધંધો શામાટે અખત્યાર ન કરે કે જેને માટે અસલી લોક કહી ગયા છે કે—

ઉત્તમ ખેતી મધ્યમ ધંધો, નફટ ચાકરી ભીખ નધાન,
જો ખેતી નહીં ખેડો ભાઇ, ધંધા ઉપર રાખો ધ્યાન.

પણ એટલું છે કે ઉંચી કેળવણી લીધા પછી એવી મેહેનત મજુરીનું કામ થઇ શકે નહીં જો કે તેમાં કંઇપણ શરમાવવા જેવું નથી, બળકે ખુલી હવામાં મેહેનત કર્યાથી શરીર સુખાકારીનાં હજારો

ફાયદા તેથી હાંસલ થાય છે જે કેળવાયલા શખસો સારી રીતે સમજે છે અને તે ઉપર વીવેચન કરી લોકોને જાહેર પણ કરે છે, પણ તે જુદીજ રીતે જાહેર કરે છે જેવાં કે ક્રીકેટ--લાન્ટેનીસ--ફુટબૉલ--પોલો અને એવી એવી ખરચાળુ અને બીનઉપયોગી રમતગમત કરવાને કહે છે પણ ખેતી જેવી ખરેખરી તંદુરસ્ત કરનારી અને પોતાને તેમજ આખી આલમને ફાયદો કરે એવી મેહેનત કરવાને કેળવાએલા લોકો હલકુ સમજે છે. એ ખરેખર ખેદ ઉપજાવે છે, જો આપણે યુરોપીઅનો અને અમેરિકનો કે જેઓ આપણાથી હજારઘણાં સુધરેલા છે અને જેને પગલે ચાલીને આપણે એ સુધારા આપણામાં દાખલ કીધા છે તેને અપક્ષપાત અને દીર્ગ દ્રષ્ટીથી જુઓ કે તેઓ ખેતી કરવાને હલકું સમજે છે? જો તેઓ હલકુ સમજતા હોય તો પોતાનો મુલક છોડીને અત્રે ખેતી કરવા શામાટે આવે છે? કદાચ તમે એમ સમજતા હશો કે અંગ્રેજ ખેડુતો અત્રે નથી પણ તમે જોશો કે ચાહ કાફી જુટ એટલે સણુ અને નીલ યાને ગુલી એ સર્વનાં ખેડુતો માત્ર અંગ્રેજ લોકો છે. તેઓ આપણા હિંદુસ્તાનમાં આવીને ઉપર કહેલી જણસોની ખેતી કરે છે અને પોતાના જ્ઞાન અને વિદ્યા હુન્નરનાં બળથી દીનદીન સુધારો અને વધારો કરતા જાય છે તે એટલેસુધી કે હજારો એકર જમીનનાં આજે તેઓ માલેક થયા છે અને લાખો રૂપીઆ પેદા કરીને પોતાની સ્વદેશ કંપનીના શેર હોલ્ડરોને સારી જેવી વાટણી આપે છે.

મધરાસ ઇલાકાના હાલના હાકેમ લાર્ડ વેન્લાકનું પણ એવું મત છે કે કેળવાયલા દેશીઓએ ખેતીના ધંધામાં પડવું અને તે ઉપરથી મધરાસ યુનીવરસીટીની છેલ્લી કોન્વોકેશનમાં ચેન્સલર તરીકે પોતાનાં ભાષણમાં કેળવાયલા મધરાસી ગ્રેજ્યુએટોને ખેતીનાં ઉદ્યોગમાં પડવાનો બોધ ઘણીજ ગંભીરાઇથી દીધો હતો અને તે ધંધાનાં ઘણાક ફાયદા જાહેર કહી સંભળાવ્યા હતા, જે તમારાથી બને તો વાંચીને ખાતરી કરી લેશો. એ ઇલાકેદાર હાકેમનાં મોહોઢામાથી તેવા વિચારો નિકળવાથી તે ઉપર સર્વેનું ધ્યાન ખેંચાયું હતું અને તે ઉપર ભારે ચર્ચા ફેલાઇ રહી હતી તે એટલે સુધી કે તે વિષય ઉપર વિવેચન કરવાને ઠેકાણે ઠેકાણે આપણા જેવી સભાઓ ભરવામાં આવી હતી અને આશા રાખું છું કે આપ સાહેબો પણ એ વીષયપર વીચાર કરીને કોઇ સારા છેવટ ઉપર

આવશે. મધરાસની એક સભા "એન્ડરસન મેમોરીઅલ હાલ"માં ભરવામાં આવી હતી અને તે પ્રસંગે ત્યાંનાં જાણીતા રહીશ અને દેશીઓના ખેરખાહ મી૦ જોન એડમ્સે પોતાના ભાષણમાં જણાવ્યું કે આ દેશમાં ખેતીની હાલત સુધારવાનું કામ ખેડુતોની મંડળી સારી રીતે અને મોટા પાયાઉપર સ્થાપન કરી ઉઠાવી શકશે એવો જે અભિપ્રાય લાર્ડ વેન્લોક આપ્યો છે તે ભુલભરેલું છે કારણ કે આ દેશની જમીનની સરવેથી મોટી અને એકલી માલેક સરકાર પોતે છે જેથી જમીનની હાલત સુધારવાનું કામ જમીનના માલેકનું છે માટે તે આ દેશમાં મોટે ભાગે સરકારને બજાવવાનું રેહેલું છે, પણ સરકાર એ ફરજ કેવી રીતે અદા કરે છે તે ફક્ત એકજ નિયમથી અને તે નિયમ એ કે પુરતી મેહેસુલ ખેડુતો પાસેથી મેળવવી પણ જમીનની ખીલવણી યા ખેતીના સુધારામાં ઘણોજ થોડો ભાગ આપવો. એ દેશમાં સરકાર જમીનની માલેકીપર પોતાનો કાયદાપુરવક હક દસાવે છે એટલુંજ નથી પણ તે મેહેસુલનો દર પોતે નક્કી કરી પોતેજ મેહેસુલ વસુલ કરે છે અને તેથી વળી પુર સખતાઈથી, અને ખેડુતોએ વેરાન જંગલોને વર્ષોની ચાલુ જાતી મેહનત અને પૈસાને ભોગે ખીલવીને બાગાયતવાળી યા ફળવંત બનાવી હોય છે તેનો મધ્યમ લાભબી ખેડુતો મેળવવા પામતા નથી, પણ સરકાર આઇતા લાભ ઉપર પોતાનો હક લાગુ પાડી મેહેસુલ એકદમ વધારી દે છે માટે એવા મામલામાં કેળવાયલા દેશીઓને ખેતીનાં ધંધામાં પડવાને કયાંથી ઉત્તેજન મળે અને કયા લાભ અને કઈ લાલચને આધારે મન કરે? આ દેશમાં સરકાર જમીનની મેહેસુલનો દર પોતાની મરજીથી નક્કી કરે છે અને જ્યારે ખરાબ વખતમાં ધમકીથી, દુઃખથી અને છેલે સરવાળે હાલ્લાં બહાર મેલ્યાથી ખેડુતો પાસેથી કશુંબી મેળવી શકતી નથી ત્યારેજ બબડી ફફડીને છુટ મુકે છે. વળી મી૦ એડમ્સ કહે છે કે બીલકુલ છુટવાની આશા નહીં એવી કરજદાર હાલત અને દરીદ્રતામાં ખેડુતોને લાવી મુકવાને એથી વધુ સરસ ઉપાય બીજો શું હોય? અને કહે છે કે જ્યાં એવો મામલો હોય ત્યાં થાપણવાળા કેળવાયલા જમીનદારોને વચ્ચે પડવાની લાલચ થાય એવી નફાભરેલી હદ રેહેતી નથી અને અગરજો કોઇ શ્રીમંત અને શીખેલા લલચાઇને બહાર પડે તો તેને એક મુખ્ય બીનાં બીવાડનારી થઇ પડે અને તે એજ કે ગાઠના ગોપીચંદ ખરચી જમીનની સ્થીતી સુધારી શકયો કે તરત સરકાર તેના ઉપર મેહેસુલ વધાર-

વાને બહાર પડશે. મી૦ એડમ્સ કહે છે કે જ્યાં સુધી ખેડુતનો લાભ જાથુકનો રાખવાનો ધોરણ અમલમાં આવે નહીં ત્યાં તલક ખેતીનાં કામમાં થાપણવાળાઓનું ધ્યાન ખેંચવું ફોકટ છે. હવે આપણે એ વિશે વિચાર કરીએ કે મી૦ એડમ્સનું કહેવું સઘળું ખરૂં છે કે મેહેસુલ ઉઘરાવમાં સરકાર જુલમ વાપરે છે પણ તેની ફરિયાદ બીચારા ગરીબ અને અજ્ઞાન ખેડુતો કોની પાસે કરે, કેમકે મામલતદાર, ફોજદાર, કલેકટર જે પાસે તેઓ ફરિયાદ કરે તે સરવે સરકારી નોકર માટે સરકારની વિરૂધ કોણ તે ગરીબોનો બચાવ કરે અને હાલ એ ગરીબોની દાઝ હઇડે ધરી પ્રાંતીક કન્ફરન્સ, જે બેલગામ ખાતે ભરાઇ હતી તેમાં દાજી આબાજી ખારેની દરખાસ્ત ઉપરથી એવો ઠરાવ રજુ કરયો હતો કે ખેડુતો કનેથી ઉઘરાવવામાં આવતી મેહેસુલ વધારવામાં સરકારે જે રાજ્યનીતી અખત્યાર કરી છે તે તરફ આ સભા પોતાની દલગીરી જાહેર કરે છે અને એવો આગ્રહ કરે છે કે જે ધોરણની રૂએ સરકારે હાલનાં સુધારેલા દર નકી કર્યા છે તે મધેની ખામીઓ દુર કરવી, માટે આપણે જોઇએ છીએ કે એ ફરિયાદ સરકારને કાને પહોચાડવાને કેળવાએલા શખશોએ માથે લીધુ છે ત્યારે હવે કંઇક દાદ મળશે એવી આશા રખાએ છે, પણ જો ખુદ કેળવાએલા ખેડુતોની એશોશીએશન હોત તો એટલા દર વધત પણ નહીં અને એટલો જુલમાત થાત પણ નહીં, અને એટલાજ માટે મધરાસનાં ગવરનર લોર્ડ વેન્લોક કેળવાએલા દેશીઓને ખેતીનાં ધંધામાં પડવાને ભલામણ કરે છે.

ખેતીવાડીને લગતા જ્ઞાન શીખવાથી, ખેડુતનો ધંધો અખત્યાર કરવાથીજ, ફાયદા હાંસલ થાય છે એમ નથી પણ માણસની સાધારણ જીંદગીમાં પણ તેનો લાભ લઇ શકાય છે કારણ કે જીઑલોજી એટલે જમીનને લગતી વિદ્યામાં તે ઉપયોગી છે. હવે જમીન ઉપર આપણો કેટલો બધો આધાર રહેલો છે કે જો આપણે કહીએ કે આપણી હસ્તીનો સઘળો આધાર જમીન અને તેનાં પેદા કરનાર ઉપરજ રેહેલો છે તો કંઇ ખોટું કહેવાએ નહીં, કારણ કે આપણી આસપાસ નજર કરીએ છીએ તો સઘળી ચીજોની ઉતપતી જમીનમાંથીજ છે શીવાય કે જાનદાર કે જેની અતરે વીવેચન કરવાની જરૂર નથી. જુઓ કે પેહેલે તો આપણો પોતાનો આધાર જમીન ઉપર છે કે જેનાં ઉપર આપણે ઉભા રહીએ છીએ,

બેસીએ છીએ, ઉઠીએ છીએ, સુઇએ છીએ, હરીએ છીએ, ફરીએ છીએ વગેરે હવે એ સઘળી હીલચાલ કરવાની શકિત લાવવા માટે ખોરાકની જરૂર છે જે સર્વે જમીનમાથી ઉગે છે અથવા તો કોઇપણ પ્રકારે જમીન સાથે સંબંધ ધરાવતી જણસનો આપણે ખોરાક લઇએ છીએ, ઉપરાંત શરીરનું જતન કરવાને વસ્ત્રની જરૂર છે તેપણ જમીનમાંથી ઉગતી ચીજેનો અથવા તે સાથે સંબંધ રાખતી જણસોમાંથી બનાવવામાં આવે છે, અને ટુંકમાં આપણી જીંદગીની હરેક જરૂરીઆતો જમીનમાંથી અથવા તો તેની સાથે સંબંધ રાખતી ચીજોમાંથી નીપજે છે. માટે જમીન જેના ઉપર આપણી હસ્તીનો એટલો બધો આધાર રહેલો છે તેને લગતું જ્ઞાન કેટલું ઉપ્યોગી અને ફાયદાકારક હોવું જોઇએ તેનો તમેજ ખ્યાલ કરો. ભૂશાસ્ત્ર વિદ્યા જેમાં જમીનની હરેક તરેહની ખાશાયત અને તેમાં સમાએલા સર્વે ગુણ અવગુણોનો વીવેચન કરેલો છે કે જેનાં જ્ઞાનથી કઇ જમીનમાંથી સોનું અને કેવી જમીનમાંથી કોલસો લોખંડ વગેરે ઉપ્યોગી જણસો નીકળે છે અને કેવી ખાશીઅતવાળી જમીનમાં કેવા પ્રકારનો પાક ઉગાવવામાં આવે અને તે કેટલી હદ અને કેટલી મુદ્દત સુધી ઉગાવવાથી ફાયદો થાએ એવા અગત્યનો જ્ઞાનવાળો માણસ જો મેહેનત લઇ અનુસરતી જમીન ઉપર અનુસરતી રોપણી કરાવે તો જરૂર વધારે ફાયદો થાએ. એ જ્ઞાનથી સાધારણ જીંદગીમાં ફાયદો થાએ એટલુંજ નહીં પણ જો કોઈ વેપારી શખશ હશે તો તેને વેપારમાં પણ તે સહાયકારક થઈ પડશે, અને તેથી વેપારમાં ઘણોજ વધારો અને સુધારો થયો છે તે અતરે કહી સંભળાવું છું. થોડાક વખત ઉપર અલાહબાદ તરફ નીકળતું પાએનીઅર નામે પત્રમાં લખેલું હતું કે પ્રોફેસર વેલેન્ટાઇન બાલ નામે એક અગ્રેજ શખશ હીંદુસ્તાનમાં આવી સતર વરસ સુધી ભુશાસ્ત્રને લગતી શોધ ખોળ કીધી, અને હાલ તે ડબલીનની યુનીવરસીટીમાં જીઑલૉજી અને મીનરૅલૉજીનો ડારેક્ટર છે તેણે એ પોતાના સતર વરસનાં અનુભવથી, "ઇકોનૉમીક જીઑલૅજી" અને "મૅન્યુઅલ ઑવથી જીઑલૉજી ઑફ ઇંડીઆ" એવે નામે બે પુસ્તકો બહાર પાડયા છે જેમાં હીરા, માણેક, કોલસા, અને સોનાની ખણોને લગતું એટલું બધુ વીસ્તાર ને લખેલ છે કે આજે કોલસા અને સોનાની ખાણો ખોદવાને ઉદ્યમ હીંદુસ્તાનમાં એટલો બધો ઉદ્યમ વધ્યો છે તેનું સર્વે માન તે વિદ્વાન પ્રોફેસર વેલેન્ટાઇન બૉલને ઘટે છે.

હવે ખેતીવાડીને લગતા બીજા જ્ઞાન--બોટાની યાને ઝાડ પાનની લગતી વિદ્યાનાં ફાયદા આપણે જોઈએ. પેહેલે તો વૈદકને લગતા જ્ઞાનમાં તેની અવશ્ય જરૂર છે જે વૈદ્ય અને ડાકતરો સારી રીતે સમજતા હશે, અને ખરૂ કહીએ તો સર્વે જાનદાર ચીજનો આધાર તે ઉપર રહેલો છે કારણ કે માણસ અને જાનવરનો મુખ્ય ખોરાક ઝાડ પાન અને ભાજી-પાલાની વનસ્પતી ઉપર છે અને ખોરાક ઉપરાંત વસ્ત્રનાં સાધન પણ તેમાંજ સમાએલા છે. એટલુંજ નહીં પણ પરમકૃપળુ પરમેશ્વરનાં અખંડ ડાહાપણની કારીગરીનો નમુનો તેમાં બતાવેલો છે. આ દુનીઆનાં કષ્ટથી કંટાળેલો માણુસ જ્યારે કુદરતની પુર બહારથી ખીલી નીકળેલા એક બાગમાં તે જાએ છે ત્યારે ઝાડ પાનની હરીઆળીથી તેની આંખને મળતી થંડક અને રંગ બેરંગી પુષ્પોની મગમગતી ખુશબોથી તેનાં મગજને મળતી તાજગીથી જે ન્યારી અસર થાએ છે તેની ખુબીનું વર્ણન કરવા કરતાં તેનાં જ્ઞાન અને અવલોકનથી જે અપરંમપાર ઈશ્વરી ડાહાપણ નજરે પડે છે તેનો માત્ર અનુભવ મેળવ્યાથી તેમાં સમાએલા અગણીત ફાયદાની પુરેપુરી ખાતરી થાએ છે. એતો આપ સારી રીતે જાણતા હશો કે બીજા સર્વે દેશો કરતાં હીંદુસ્તાનની જમીન વધારે ફળદ્રુપ છે અને તેથી ફુલ પાનની ઉત્પતિ ઉપરાંત ફળ ફળાદી અતરે પુષ્કળ થાએ છે તે એટલે સુધી કે તેમાંની કેટલીક વનસ્પતીનો ખરો ઉપયોગ નહીં સમજ-વાથી નકામી સમજી કઇપણ વપરાસમાં લીધા વગર ફેંકી દીધામાં આવે છે જેનાં ઘણાંક દષ્ટાંત અંગ્રેજી ચોપડીમાં વાંચવામાં આવે છે, જેમાંનું એક અતરે કહી સંભળાવું છું. તે એકે ઉત્તર વીભાગમાં એક જાતનાં ખાટા લીંબુ ઉગે છે જેને ત્યાં પાહડી લીંબુ તરીકે ઓળખે છે. હવે એ લીંબુ પુષ્કળ ઉગે છે કે જેમાંથી સેહેજ સાજ ખટાસને ઠેકાણે વાપરી બાકીનાં વ્યર્થ ગણવામાં આવે છે જે માટે લખે છે કે જો તેઓ ઇંગલંડમાં મળી આવતા હોએ તો અંગ્રેજ લોકો તેમાંથી ભારે ધન પેદા કરતે પણ અજબ છે કે અહીંનાં લોકો તે વનસ્પતાની કઇબી માહીતગીરી રાખતા નથી નહીં તો એ લીંબુમાંથી લાઇમ-જુસ તરીકે તેનો રસ કાઢી યુરોપ તરફ મોકલવામાં આવે તો ઓછામાં ઓછી ત્રણથી ચાર શલીંગે ગ્યાલનને ભાવે ખપી જાએ અને તેનો ખરચ અતરે જાજુતો દશથી બાર આના ગ્યાલનનાં પડવા જાએ. એવો લાઇમ-જુસ અમેરીકાથી દર

વરસે ૪૫૦૦૦ ગ્યાલન ફકત ઇંગ્લંડમાં આયાત થાએ છે. ઉપરાંત એ, લીંબુની છાલમાંથી એક જાતનું તેલ નીકળી શકે છે કે જેવો તેલ વાળને લગાડવાનાં વપરાસ માટે ઇંગ્લંડથી ઈટલીનાં દેશમાં નીકાશ થાએ છે જે રૂ ૨૫૦) ગ્યાલનને ભાવે વેચાએ છે પણ અતરે જો એ લીંબુમાંથી તેલ કાઢવામાં આવે તો રૂ ૮૦ થી રૂ ૯૦) ને ભાવે પડે છે. એ ઉપરથી આપ વીચાર કરો કે વનસ્પતીનું ગ્નાન કેટલું અગત્યનું છે અને વીશેશ કરી આપણા દેશીઓ માટે તે કેટલું જરૂરનું છે કે સાધારણ જીંદગીનાં ઉપરાંત વ્યાપારમાં તે અછુ સાવીત્ય થઇ પડે એ આપ ઉપલા દાખલા ઉપરથી સારી રીતે સમજ્યા હશો.

હવે આપણે ત્રીજી અને સર્વેથી અગત્યની બાબત રશાયણશાસ્ત્ર ( કેમીસ્ટ્રી ) અથવા એ પ્રસંગે આરગેનીક કેમીસ્ટ્રીનું વિવેચન વધારે અનુકુળ છે તે ઉપર આવીએ. રસાયણશાસ્ત્રની તે એક શાખા છે જેમાં વનસ્પતિનાં આરગન્સ યાને શારીરીક તત્વો કેવી રીતે પારખવા તેનું વિવેચન કરેલું છે. એથી જમીનમાં સમાએલો કસ તે જમીનની થોડી માટી લઈ તે ઉપર રસાયણી પ્રયોગ કર્યાથી માલમ પડે છે અને તે પ્રમાણે તેમાં નાખવા માટે ખાતરની પણ રસાણ મારફતે તપાસ કરીને યોગ્ય ખાતર વાપરવામાં આવે તો તે જમીનમાં સમાએલા સર્વે કસનો લાભ લઇ શકાય છે અને તેટલા માટે અનુસરતી જમીન ઉપર અનુસરતી રોપણી કરવામાં આવે અને તે દેશનાં હવાપાણીનો ખ્યાલ કરીને તે માફક વાવણી કરવામાં આવે તો જરૂર મનમાનતો પાક ઉગી નીકળે છે. એટલા માટે ઈંગ્લંડ અને અમેરીકા અને બીજા સુધરેલા દેશોમાં ખેતીવાડીને લગતી સોસાએટી ઉભી કરવામાં આવે છે અને તે સોસાએટી તરફથી એક બોટાનીકલ ગારડન અને રસાયણ પ્રયોગશાળા ( કેમીકલ લેબોરેટરી) સ્થાપવામાં આવી છે જેમાં તે સોસાએટી તરફથી નેમાએલા રશાયનશાસ્ત્રી હરેક તરેહની ખેતીવાડીને લગતી શોધ ખોળ કર્યા કરે છે અને તેથીજ કરીને દીનપરદીન સુધારો અને વધારો કરીને એવા ચડીઆતા દરજ્જા ઉપર આવેલા છે. અતરે પણ ખેતવાડીને લગતી જે શાખા યુરોપીઅનને હાથ રહેલી છે જેવી કે ચાહ--કાફી વગેરે તે માટે જુદી જુદી એસોશીએશન ઉભી કરવામાં આવી છે જેમાંની એક ઈંડીઅન ટી એશોસીએશન નામે કલકતામાં ઉભી થએલી છે અને નં૦

પ ફેરલી પ્લેસવાળા મકાનમાં દર વરસે તેઓની એક સભા ભરવામાં આવે છે જેમાં તેઓની તરફથી નેમાએલા રશાયણશાસ્ત્રી મી૦ એમ કીલવ બામ્બર, આસામ, કાચર, સીલહેર, ડારજીલીંગ વગેરે ચાહનાં પ્રગણામાં ફરી ફરીને ચાહને લગતી શોધ ખોળ કરે છે અને તેનો રીપોર્ટ દર વરસે રજુ કરવામાં આવે છે. એવી યુક્તિથી ઇંડીયન ચાએ ચીનાઇ ચાહને લગભગ હઠાવી દીધી છે, જે હું ધારૂં છું કે આપ ઘણે ઠેકાણે વર્તમાનપત્રદ્વારે વાંચી વાકેફ થયા હશો માટે ભાઇઓ એવાજ સહાસ કામની દેશીઓ માટે પણ જરૂર છે અને તેવી અગત્યતા જોઇ માજી ગવર્નર લાર્ડ રેની ભલી કોશેશથી પુનામાં કાલેજ ઓફ સાએન્સ ઉઘાડ-વામાં આવી છે જેમાં ખેતીવાડીને લગતી ઉંચે દરજ્જેની કેળવણી આપ-વી એવી નેમ રાખેલી છે પણ એજ દલગીરીની વાત છે કે કેળવાએલા દેશીઓ તે માટે જોઇએ તેવી ઉમંગ ધરાવતા નહી હોવાથી ધારેલો હેતુ પાર પડયો નથી એવી કડવી ફરિયાદ સાતમી પ્રાંતીક કનફરન્સમાં જાહેર કરવામાં આવ્યું હતું અને તેજ કનફરન્સનાં આઠમાં રેઝોલ્યુશ નમાં મી૦ આર. કે. કામાની દરખાસ્ત ઉપરથી એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે હાલનાં ખેતીવાડી અને ચીત્રકળાના વર્ગ હાઇસ્કુલમાં કાઢવામાં આવ્યા છે તે મનમાનતી રીતે આપણી ગરજ સારી શકતા નથી માટે એવી રૂઢી ઉપર સરકારી મદદ મળવી જો-ઇએ કે જેથી સાએન્સ, આર્ટસ અને ટેકનીકલ સ્કુલની સ્થીતીમાં સુધારો કરવાની બહુજ જરૂર છે માટે જેની સાઉથ કેન્સીંગટન અને સીટી અને ગીલ્ડસ આફ લંડન ટેકનીકલ ઇન્સટીટયુટનાં કાનુન ઉપર નિશાળો સ્થાપવાને મ્યુનિસીપાલીટી અને બીજા લોકલબોર્ડની મદદ મળવી જોઇએ. માટે ભાઇઓ આપ હવે સારી રીતે સમજ્યા હશો કે જ્યારે લાર્ડ રે અને બીજા ઘણાખરા કેળવાએલા શખશો ખેતીવાડીની કેળવ-ણીને એટલી અગત્યની ગણે છે ત્યારે તે જરૂર ફાયદાકારક હોવી જોઇએ.

# મુસાફરો કરવાથી થતા ફાયદા.

## ભાષણ આપનાર હુશેનભાઇ જુશબ.

## શરનશીન માહામદભાઇ જાફર મુખી.

મુસાફરીથી થતા અસંખ્ય ફાયદાઓ વિશે સઘળા શાહેબોને વાકેફ હશે પણ તે ફાયદાઓ ઉપર વિચાર કરવાની થોડાઓએજ કોશેશ કરી હશે. એવું છે તો સઘળા ફાયદાઓ જાણવાની ઘણીજ અગત્ય છે.

યુરોપખંડમાં મુસાફરીની પીછાણ એટલીહદ સુધી કરવામાં આવે છે કે જ્યાં સુધી એક ગ્રહસ્થ યુનીવરસીટીની ઊંચી કેળવણી લીધાબાદ એક સારી જેવી મુસાફરી કરે નહી, જો એટલુ નહી તો માત્ર યુરોપનાં મુખ્ય શેહેરોમાં જ્યાં સુધી તે નહી આવે ત્યાં સુધી તેનો અભયાસ પુરો થયલો ગણાંતો નથી, અથવા બીજા બોલોમાં બોલીએ તો મુસાફરીને કેળવણી એક અગત્યના ભાગ તરીકે ગણવામાં આવે છે.

અસલના વખતમાં પણ મુસાફરી કરનારાઓનો દરજ્જો ઘણો મોટો ગણાતો. ગ્રીસના ઈતિહાસ ઉપરથી જણાય છે કે ગ્રીક ફીલસુફો તથા વિદ્વાનોનો મોટો ભાગ વરસો સુધી મુસાફરી કરી અનુભવ મેળવતા, અને તે વખતમાં સુધરેલા ઇજીપ્ત, સીરીઆ વગેરે ભાગમાં મુસાફરી કરવી એ મુસાફરી કરવાની મુશકેલીઓને લીધે એક ઘણુંજ મોટું કામ સમજવામાં આવતુ. એવા માહાન મુસાફરોને ગ્રીક લોકો ઘણુંજ માન આપતા. આરબો પણ મુસાફરોની કદર પીછાણતા. જે અરેબીયન નાઇટ અને બીજી અરબી કીતાબોના ઉપરથી માલમ પડે છે. અરેબીયન નાઇટને મુસાફરોની વારતા કહીયે તો ચાલે. સીનબાદ ખલાસીની સાત મુસાફરીઓ અને બીજી કેટલીક એવીજ વારતાઓ જેમા મુસાફરો પોતાની મુસાફરીનો અનુભવ વારતા રૂપે આપે છે અને જે વારતાઓ અરેબીયનનાઈટનો "બેકબોન" એટલે એક અગત્યનો ભાગ છે કે જેની

ઉપર અરેબીયનનાઇટની ખુબીઓ છે એમ કહીયે તો ખોટુ કહેવાશે નહી. એજ પુસ્તકમાં ઘણા દેશોમાં મુસાફરી કરનારને લગભગ દરેક ઠેકાણે ડાહ્યા તથા અકલમંદ પુરૂષો તરીકે ચીતારવામાં આવ્યા છે. ઇરાનીઓ પણ મુસાફરીથી અનુભવ મેળવેલા સખ્સોની પીછાણ કરતા અને શેખ-શાદી જેવા વિદ્વાનોની જીંદગીનો વૃતાંત આપતા તેઓ મગરૂરીથી લખે છે કે શેખશાદીએ પોતાના અમર પુસ્તકો લખ્યાં તે પેહેલા ત્રીસ વરસ સુધી આખા ઇરાન, હિંદુસ્તાન, અરેબીયા, અફગાનિસ્તાન, ઈજીપ્ત, એબીસીનીયા, જેરૂસલમ, વગેરે દેશોમાં દરવેશી હાલમાં મુસાફરી કરી હતી, અને એ મુસાફરી દરમ્યાન તેણે જે જે જ્ઞાન તથા અનુભવ મેળવ્યો તે પોતાના પુસ્તકોમાં આપણને આપી ગયો છે. અને સુધરેલા યુરોપીયનો પણ ઘણા હોંસથી વાંચે છે. આપણા ઉપર રાજ કરતા અંગ્રેજો પણ પોતાની બોહલી શેહનશાહત માટે કેટલેક દરજે પોતાના આગલા બાહાદુર મુસાફરોનેજ આભારી છે. કે જેઓ વેપાર તેમજ બીજી મતલબો સારૂ લાંબી મુસાફરીઓ કરી પોતાને ફાયદો કરતા એટલુંજ નહી પણ પોતાના દેશનો વેપાર ખીલવી દેશને આબાદ કરતા. વખત જતા તેઓનુ ધ્યાન નવા નવા મુલકો જીતવાપર ખેંચાયું અને લાંબી લાંબી મુસાફરીઓ કરી અનુભવ મેળવી તેઓ એકેક પછી જુદા જુદા મુલકો તાબે કરવા લાગ્યા. દાખલા તરીકે હિંદુસ્તાનમાં પહેલા અંગ્રેજો વેપારી તરીકે લાંબી લાંબી મુસાફરીઓ કરી આવતા. આગળ જતા જ્યારે તેઓએ જોયું કે હીંદુસ્તાનમાં ઘણો કુંસંપ ચાલે છે અને જુદા જુદા રાજ્યો માંહોમાંહે લડી મરે છે, ત્યારે તેઓ તે જીતવાની કોશેશ કરવા લાગ્યા અને હાલ આપણે જોઈએ છીયે કે આખા હીંદુસ્તાનના એક નાકેથી બીજે નાકે સુધી તેઓ એકલાજ માલેક છે. જો તેઓ પહેલાથી કઠણ મુસાફરીઓ કરી મુસીબત ખેંચી અત્રે નહીં આવતે તો કદીપણ હિંદુસ્તાન મેળવવા તેઓ શક્તીવાન થાત? યુરોપમાં હાલ જે સુધારાઓ થયા છે, તેની શરૂઆત તપાસશુ તો મુસાફરીથી થયા છે એમ માલમ પડશે, ક્રાઇસ્ટની કબર જેરૂસલમમાં આવેલી છે. જે તે વખતમાં મુસલમાનોના હાથમાં હતું. દર વરસે હજારો ધાર્મીક, ખ્રીસતીઓ ( ક્રાઇસ્ટની ), ઇશાપેગમ્બરની, કબર ઉપર શેજદો કરવા યુરોપથી જેરૂશલમ જતાં. પંદરમીસદીમાં તુરકી રાજ્ય એક માહા

બળવાન રાજ્ય થયું હતું અને જેરૂશલમ પણ તેના તાબા હેઠલ હતું. એ વખતે ક્રીસચીયનો અને ટરકીઓ વચ્ચે વારંવાર વાંધાઓ પડતા જેથી આખા યુરોપખંડના ક્રીસચ્યન શાથે મલી જેરૂસલમ ટુર્કીઓના હાથમાથી લઇ લેવાનો ઠેરાવ કરયો, અને ક્રીસચીયનો તથા ટુરકીઓ વચ્ચે એક ધર્મ સંબંધી ખુનખાર લડાઇ જાગી જે "ક્રુઝેડ" ના નામથી ઓલખાય છે. એ લડાઈઓ ઘણા વર્ષ સુધી ચાલુ રહી. ટરકીસો પાસેથી જેરૂશલમ છોડાવવા જે યુરોપીયનો લડાઈમાં જોડાઈ ટર્કીમાં જતા તેઓ મુસાફરીની મુશકેલીઓને લીધે વર્ષો પછી પોતાના સ્વદેશ પાછા ફરી શકતા અને એ રીતે તે વખતના સુધારામાં ઘણાજ આગળ વધેલા મુસલમાનોના દેશમાં તેઓ વર્ષો સુધી પડી રહેતા. પરીણામ એ આવ્યું કે જેવી રીતે હીંદીવાનો યુરોપીયનોની સમાગમમાં આવ્યાથી સુધરવા લાગ્યા તેવીજ રીતે ક્રીસચીયનો મુશલમાનોની સમાગમમાં આવ્યાથી મુશલમાન સુધારો અખત્યાર કર્યો, એ વખતે તેઓ મુશલમાનો પાસેથી કેમીસ્ટ્રી (રસાયણ શાસ્ત્ર) અલજીબરા વગેરે સંખ્યાબંધ ચીજો શીખી અને તે એટલી હદ સુધી કે શેન્ટ, અતર, વગેરે સુગંધ પદાર્થો જેવી નજીવી ચીજો પણ વાપરવા તથા બનાવવા તેઓ મુશલમાનો પાસેથી શીખ્યા; અને એક વખત મુશલમાંનો પાશેથી શીખીને પોતાના જાતી-બળથી દરેક ચીજમાં ઘણા સુધારા તથા વધારા કરી તેના હાલના દર-જામાં લાવી મુકયા છે. એમ નથી કે આએ સુધરેલાજ દેશમાં મુસાફરી કરવાથી ફાયદા થાય છે આપણા કરતા વધારે સુધરેલા દેશમાં મુસાફરી કરવાથી વધારે ફાયદા થાય છે ખરા, પણ એક સુધરેલા દેશનો માણસ, જંગલી અથવા અસુધરેલા દેશમાં જાય તોયપણ તેને ઘણું શીખવાનું મળી શકે છે, કવીનાઇન જેવી એક અગત્યની દવા જે તાવ ઉપર ઘણીજ અકશીર છે તે યુરોપીયનો અમેરીકાના જંગલી હબશીઓ પાશેથી શીખ્યા. એ હબશીઓમાં કોઇને તાપ આવતો ત્યારે એક ચોકશ ઝાડના મુળીઆ કાચાને કાચા ખાતા જેથી તાપ એકદમ ઉતરી જતો. એક યુરાપીયનની જાણમાં એ આવ્યાથી પોતાના સ્વદેશી ડાકટરોનું ધ્યાન તેણે એ ઉપર ખેચ્યું અને તેઓએ આગળ શોધ ચલાવી કવીનાઇન શોધી કહાડયું. વળી યુરોપીયનો એશીયા તથા જંગલી આફ્રીકામાંજ મુસાફરી કરવાથી યુરોપ હાલમાં એટલો દ્રવ્યવાન થયો છે, અને છાપાદ્વારે આપણે દરરોજ

(ન્યુસપેપરોમાં) વાંચીએ છીએ કે યુરોપના જુદા જુદા રાજ્યો પોત-પોતાનો વેપાર ખીલવવા એશીયા તથા આફ્રીકામાં આગળ વધતાજ જાયછે.

મુશાફરી કરનારની તંદુરસ્તી ઉપર મુશાફરીની શું અસર થાય છે તે હવે આપણે તપાશશુ. જુદા જુદા દેશમાં મુશાફરી કરવાથી જુદા જુદા દેશની આબોહવાને શરણ થવું પડે છે. તે સાંમે આપણી તંદુરસ્તી જાલવવા આપણે પોતાથી બની શકતું દરેક કરીએ છીયે અને ઘણી વખત જુદા જુદા દેશની હવા પાણીની અસર ખમવા આપણે આપણા શરીરને તઇયાર બનાવીયે છીયે એથી કરી આપણું શરીર હમેશનું મજબુત તથા જુદી જુદી રૂતુઓનાં ફેરફારથી ઘણી અસર ન થાય એવું થાય છે હવા ફેરબદલ થયેથી પાચનશકતી વધીને ભુખ લાગે છે અને શરીરમાં લોહી પણ સાફ થઇ તેનો જથો વધે છે. જુદા જુદા દેશની જુદી જુદી કુદરતી રચનાઓ, નવાઇઓ વગેરે જોઇ આપણે ઘણાજ ખુશી થઇયે છીયે અને એથી જે ખુશી થવું તે આપણી તંદુરસ્તી ઉપર ઘણીજ સારી અસર કરે છે. વળી લાંબી મુસાફરી વખતે આ દુનીઆની જંજાલો તથા ચીંતાઓનો મોટો ભાગ ઘણી વખતે આપણે ભુલી જઇયે છીયે અને તેથી પણ તંદરોસ્તીને ઘણો ફાયદો થાય છે. કેટલાક હઠીલા અને ભયંકર દરદોના ઇલાજ તરીકે ડાકટરો દરદીઓને લાંબી દરયાની મુશાફરી કરવા તથા બીજા દેશોમાં હવા ફેરબદલ કરવા જવા ભલામણ કરે છે. ઘણી વખતે એથી ફાયદો થઇ દરદ તદન મટી જાય છે જો કે દરીઆની મુશાફરી જે દરદી કરે છે તેને ઘણી વખતે સ્ટીમરની એકાંત જીંદગી દરીઆના સઘળા તુફાન તથા જોખમો શાથ ઘણા દીવસો સુધી ભોગવવી પડે છે. અને એ એકાંત દીવસોમાં તેના કમનસીબ દરદની વારંમવાર તેને યાદ આવ્યા કરે છે અને તેથી તેને જે દુઃખ ઉત્પન થાય છે તે તથા એક દરદીને જેવી આશાએશ જોઇયે તેવી મલી ન શકવાથી કોઇક વખતે મુસાફરીથી તેને નુકશાન થાય છે એ ખરૂ, પણ ફાયદા શાથે સરખાવતા તે નુંકશાન ઘણું થોડું છે.

જુદા જુદા દેશોમાં ફરવાથી આપણે ઘણા અનુભવી અને હુશીઆર થઇએ છીએ. ડાહયા માણસો કહી ગયા છે કે 'ફરે તે ચરે' અને જેમ એક માણુસ વધારે ફરે અને દુનીયા વધારે જોય તેમ તે પોતાની પાછલી જીંદગીમાં વધારે ફતેમંદ થઈ શહેલાઇથી આગલ વધી શકે છે.

પારકા દેશમાં મુશાફરી કરવાથી એક માણુસ હુશીઆર તથા સાવચેત થાય છે કારણ કે પારકા દેશમાં લુચ્ચાઓ વગેરેથી ઠગાય નહી તે શારૂં તેને હમેશા હુશીઆર તથા સાવચેત રહેવાની ફરજ પડે છે. જે લાંબી વખત સુધી ચાલુ રેહવાથી એક ટેવના આકારમાં બદલાઇ જાય છે. મુશાફરીએ પોતાને તેમજ દેશને વેપાર સંબંધી ઘણા ફાયદાઓ કરવા તથા દેશની દોલત વધારવાનું એક સાધન થઈ પડે છે. વિદયા હુન્નરોમાં ઘણા આગળ વધેલા યુરોપ તથા અમેરીકામાં ત્યાનાં આગળ વધેલા હુન્નરોનો જાતી અનુભવ મેળવી જે કોઇ તે હુન્નરો અતરે દાખલ કરે તો ખચીત દેશ તરફની એક ફરજ અદા કરે એટલુંજ નહી પણ પોતે જાતે પણ ઘણો લાભ મેળવે છે. બીજા દેશમાં જઇ રહયાથી ત્યાંના લોકોની રાહરસમો, સંસારી રીવાજો પેહેરવાશ વગેરે કુદરતી રીતે આપણું ધ્યાન ખેંચે છે, અને આપણા દેશના પેહેરવાશ, રીવાજો વગેરે શાથ તેની સરખામણી કરતા ઘણી વખતે આપણી ખાત્રીઓ આપણા ધ્યાનમાં આવે છે અને તે ખાત્રીઓ સુધારવાને પણ બની શકે છે સુધારામાં આગળ વધેલા દેશના સુધારાઓ જોઇ આપણા દેશમાં પણ તે સુધારા દાખલ કરવાની ઉમંગ થાય છે અને તેનુ પરીણામ ઘણી વખતે શારૂ આવે છે એટલું તો ધ્યાનમાં રાખવાનું કે એક બારીકાથી તપાશનાર મુશાફર જેટલું મુશાફરીથી મેળવી શકે છે તેટલું એક ઉપર ટપકેથી મુશાફરી કરનાર મેળવી સકતું નથી.આપણે વારંમવાર વાચીયે છીયે કે નાસ્તીક માણસો મુશાફરી કરવાથી કેટલીક વખતે ઇશ્વરને માનતા શીખે છે. માહાશાગરો, તુફાની મોજાઓ, પહાડો, નદીઓ વગેરે વારંમવાર એક માણસના જોવામાં આવે તો કુદ્રતી રીતે તે બનાવનારની મોટાઇના ખ્યાલ તેને આવે છે. અને મુશાફરી એવી કેટલાક વખતે નાસ્તીકપણાને દુર કરવાનું શાધન થઇ પડે છે. અસલના વખતમાં મુશાફરી કરવી એ ઘણી મુશકેલીનું કામ હતું મુશાફરોને ઘણી વખતે કેટલાક મહીનાઓ સુધી મોટા મોટા જંગલોમાં મુશાફરી કરવી પડતી જ્યાં તેઓને રાતદહાડે, લુટારા વગેરેઓની બીક રહેતી. જે અટકાવવાને ઘણાઓ મુશાફરો શાથે મળી વણજારના આકારમાં મુશાફરી કરતા તે વખતમાં હાલના જેવી ટપાલઆફીશની શગવડ નહી હોવાથી કેટલાક મહીનાઓ સુધી અથવા ઘણી વખતે વરશો સુધી એક મુશાફર પોતાના કુટુંબ વગેરે વીષે કાંઇ પણ શાંમળી શકતો નહી. તેના કુટુંબીઓ પણ તેના વીશે તેટલાજ અણ-

જાણ્યા રેહેતા જે સગળી મુશકેલીઓ હાલના શુધરેલા જમાનામાં ટાળવામાં આવી છે. જમીન ઉપરે મુશાફરી કરવી હોય તો હજારો માઇલની મજલ થોડા વખતમાં આપણે પુરી કરીયે છીયે. જ્યારે દરીઆ મારગે પણ મોટી અને ઝડપ ચાલની ઈસ્ટીમરો પુરતી સગવડ શાથે જ્યા આગળ ચોકસ ઠેકાણે જતી કેટલાક મહિનાઓ નીકલી જતા અને પવન ઉપર આધાર રાખ્યા પડી રહેવું પડતું તે જગ્યાયે હાલમાં થોડા દીવસમાં આ-પણે પોહોંચી શકીયે છીયે. વળી મુશાફરી દરમ્યાન ઈસ્ટીમરોમાં ઘરની માફક બરાબર વખતે સમજવાનું મળે છે. અને એક સુધરેલા માણસને તેના ઘેર આગળ મળતી સઘળી સગવડો ઇસ્ટીમરોમાં મુસાફરી દરમ્યાન મળી શકે છે. તંદુરસ્તી સુધરવી, મગજને તાજગી તથા આશાએશ મળવી. અનુભવ તથા હુશીઆરી આવવી, નવી નવી ચીજો શીખવી કુદરતી રચના તથા જુદા જુદા શેહેરો જોવા, જુદી જુદી કીશમનાં માણસો-ની સંગતમાં આવવું માન તથા આબરૂનું વધવું, સારી રીતભાત શીખવી. ઘણાથી ઓળખાણ થવી, જ્ઞાનનું વધવું, દુનીઆદારીનો અનુભવ મળવો, દોલતની વૃદ્ધી થવી, ગુજરાન ચલાવવાનાં સાધનો હાથ આવવા એ સઘળા મુસાફરીના ફાયદાયો છે. શેખશાદી એક ઠેકાણે કહે છે કે એક ડુબકી મારનાર દરીયામાં મોતીની સોધમાં મારતી વખતે વીચાર કરે છે કે મને મગર મચ્છ ખાઇ જશે અને તે ખીયાલમાં જો તે ડુબકી નહી મારે તો કીમતી મોતી મેળવવા તે કદીપણ શકતીવાન થાય નહી.

# ભાઇચારો અને સંપ

ભાષણ કર્ત્તા—**મી૦ ઇભરામભાઈ નુરમામદ**

પ્રમુખ—**શેઠ મનજીભાઈ કરીમ.**

તા૦ ૧૧-૮-૯૫.

ભાઈચારાનો નીયમ દરેક મનુષ્ય હાલ કેવી રીતે પાળે છે. દરેક મનુષ્યે તેના પર પળે પળે પ્રીતી રાખવી, અને તેના પ્રીય કાર્યનું સાધન કરવું એજ ઈશ્વરની ખરી ભક્તી કહેવાય. પરંતુ ઈશ્વરની ઉપર ખરી પ્રીતીની પારખ શાથી થાએ છે? મનુષ્યપર પ્રીતી રાખવાથી થાએ છે, જેને આપણે જોઈએ છીએ, જેની સાથે આપણે વારંવાર બેસવા ઉઠવાનો સર્વ વ્યવહાર કરવો પડે છે, તેનાપર જો પ્રીતી નથી રાખતા તો અદ્દશ્ય (દેખવામાં આવે નહીં તેવા) નિરાકાર, નીરંજન, ઇશ્વર ઉપર આપણી કેવી રીતે પ્રીતજ થઇ શકશે? બીજી બાજુથી જોતા જઇએ તો જેનાપર આપણે પ્રેમ અને મમતા છે, તેવી પ્રીય વસ્તુપર પ્રીતી કરવી સ્વભાવીક છે. ઇશ્વરની પ્રીતી સર્વ જગતપર, સર્વ મનુષ્યોપર, સર્વ જીવોપર, સર્વ વસ્તુ માત્રપર છે. ત્યારે તેની જે પ્રીય વસ્તુ હોય તેનાપર આપણે જરૂર પ્રીતી રાખવી જોઈએ છે. ઇશ્વરપર ખરો પ્રેમ અને નીશકામ ભક્તિ હોય તો સર્વ લોકોએ અરસ પરસ પ્રેમ ભાવથી ચાલવું જોઈએ. તેથી ઉલટું આપણા ભાઇઓ સાથે દ્વેશભાવ, કુસંપ, અદેખાઈ અને ઘાતકીપણાથી ચાલીએ તો તે પીતાપર ખરી પ્રીતી છે એમ કહેવું મુશકેલ છે. ઇશ્વર આપણો પરમપીતા છે, અને આપણે સર્વ મનુષ્યો તેના પુત્રો છીએ, માટે આપણે સર્વે ભાઈઓ છીએ. આ ભાવ જો દરેક મનુષ્યના અંતઃકરણમાં હશે તો સંસાર કેવું સુખ અને શાંતીનું સ્થાન થાય? વાદ વિવાદ, ટંટા ફીશાદ, અને કુસંપ નાશ પામી એક જાતિનું બીજી જાતીપર જે ઘાતકીપણું ગુજારવાની ચાલ છે તે બંધ પડી મહા સમુદ્રરૂપી સંસારમાં સર્વ ઠેકાણે આનંદ અને શાંતિ

પસરી રહે. આટલા માટે હાલમાં કેટલાક મંડળોની સ્થાપના અને વૃદ્ધી આપણા દેશમાં થઈ છે. એ દેશના સુભાગ્યના ચિન્હો છે. તેનો પ્રથમ હેતુ એ છે કે સર્વ મનુષ્ય પ્રાણીમાં પરસપર સ્નેહ અને પ્રીતી રાખવી, મત ભેદ અને જાતિભેદ દુર કરી ભાઇચારાથી એક્યતા કરવી. હવે વિચારવંત ઉંડી નજરવાળા અને નિષ્પક્ષપાતી ઉત્તમ જ્ઞાની પુરૂષોને તો એનો હેતું સેહેજમા સમજવામાં આવશે. પણ અજ્ઞાનરૂપી અંધારામાં ડુબેલાને તેની મુળ મતલબ સમજાવવી કઠણુ પડશે. દુનિઆના તમામ મોટા મોટા ભાગોપર અને વિશેષ કરી આપણી હિંદુસ્તાનમાં જ્યારથી આવી મંડળીના આગેવાનોના પ્રમુખપણા નીચે જ્યાં જ્યાં આ મંડળીઓ સ્થાપન થઇ છે, ત્યાં ત્યાં અનેક વિઘ્નો આવ્યા છતાં, એ ખંતીલા અને સત્ય શોધક મહાન પુરૂષોએ ભાઈચારાના બીજો વાવ્યા છે, એટલુંજ નહીં પણ હીંદુસ્તાનના લોકોને તેનો અનુભવ લેવા ગાઢ નિદ્રામાંથી જાગૃત કર્યા છે જે જે ધર્મ શાસ્ત્રો આપણે ઉંડાણથી તપાસીશું તો તેમાં અરસ પરસ ભાઈચારો કેળવવાનો ઓછો વધતો ઉપદેશ જોવામાં આવશે. સર્વ ધર્મમાં કેવળ મનુષ્ય માત્રપર પ્રીતી રાખવા ફરમાવેલુ છે. એટલુંજ નહીં પણ સર્વ જીવ માત્રપર પ્રીતી અને દયા રાખવા ઉપદેશ કરેલો છે. એક સલોક સુચવે છે કે, સર્વ મનુષ્ય માત્રને પોતાના જેવા એટલે સર્વને સમાન (સાન) નજરથી જે જુવે છે તેજ જુવે છે એટલે તેજ જ્ઞાની છે. આ પોતાનો અને આ પારકો એવો વિચાર હલકા મનના માણસોના મનમાં આવે છે. પણ ઉદાર વૃતિના ઉત્તમ પુરૂષોને તો સર્વ પૃથ્વી પોતાનું કુટુંબ છે એમ લાગે છે. એ જ્ઞાન હોય તોજ તે મનુષ્યને અંહકાર, મદ, મમતાથી દુર રાખે છે અને સર્વ પ્રાણી માત્ર પોતાના આતમાની બરોબર છે, એમ જણાય છે. તે શીવાએ અંહકાર વિગેરેથી છુટા થવાતું નથી, દયાની પ્રવૃતી થતી નથી અને મનુષ્ય પોતાના સ્વાર્થ માટે ગમે તેટલું નઠારૂં કામ કરવું હોએ તો તે કરવામાં મચ્યો રહે છે. સર્વએ અરસ પરસ સાહતા આપવી જોઇએ પણ આ બાબતનો કંઇપણ વિચાર નહીં કરતાં કેટલાકો પરજ્ઞાતવાળાઓ અથવા પરકોમવાળાઓને મદદ આપવી બાજુએ મુકી, પોતાની જ્ઞાતી કે ભાઈઓને પણ મદદ આપતા નથી. શું આ પરોપકાર બુદ્ધિ? આ કાંઇજ નહીં પણ ફકત મતાભિમાનપણુ કેહેવાય. આવી વર્તણકથી ચાલનારાઓ કાંઇ સુજ્ઞ કેહેવાતા નથી. પણ ઘણું કરી નિશ્ચીત જેવા છે. પણ જેઓ

સુજ્ઞ છે, અને પોતાના સમાનજ બીજાઓને જાણનારા છે, તેઓ તો પોતાની ગમે તે કાર્ય પ્રસંગ બનતી સાહ્યતા બીજાઓને આપે છે. તેઓથી જો કદાચ તે કામ નથી બનતું, તો ઘણી લજ્યા પામે છે. મનુષ્ય માત્રની ફરજ છે કે અરસપરસ સાહ્યતા આપવી. આ રૂઢી હિંદુસ્તાનના લોકોમાં જેટલી પુર્વે હતી, તેટલી હાલ નથી. માટે હાલમાં પણ તેમ કરવા મકમપણે પરીપકવતાથી પ્રવૃતવું જોઇએ. એ બાબતની પ્રવૃતી કરવી મુખ્ય આપણા દેશ તરફથી ઘટે છે. તે પરદેશમાં થાએ એ આપણા દેશને કેટલું નીચે જોવરાવનારૂં છે. પરંતુ જો આપણે સંમપુરણુતાથી ઉપલો નિયમ સમજતા હોઇએ, અને તેમાં જો પ્રવૃતી કરીએ નહી, તો આપણી મોટી ભુલ ગણાય.

જ્યારે આ પ્રમાણે છે, ત્યારે સદાસર્વદા સર્વ પ્રાણીઓમાં ભાઇચારો રાખવા મનુષ્યે પ્રવર્ત થવું. એ અશકય નથી (વળી એક કવીએ કહ્યું છે કે) જ્યાં ઊદ્દમ. સાહસ, ધીરજ, બળ, બુદ્ધિ અને પ્રાક્રમ આ છ વસ્તુ છે, ત્યાં દેવતા પણ સહાય થાય છે. જો આમ છે તો આપણે ઉપર લખેલા ગુણોને ધારણ કરી થાપીશું, તો દેવતાઓની પણ સાહ્યતા થશેજ, ત્યારે મનુષ્યોની થાય એમાં શી નવાઈ? માટે બંધુઓએ મદ, મતસર, વગેરે દુર્ગુણોને દુર કરી, સર્વમાં સમાન બુદ્ધિ અને સમભાવથી ગણુવાને અને સર્વને સાહ્યતા આપવાને તથા આ દેશને ઉત્તમ લાભ મેળવવાને અને મનુષ્ય દેહના જન્મનું સફલ કરવાને કમરકશી, ખોટી બાબતો તજી, સત્ય લોકોની ઉત્તમ રીતીને અનુસરી ભાઇચારાનો હેતુ અંતકરણમાં લાવી, સદભાવ જાળવવા, જાહેરમાં તત્પર થઇ, એ હિતકારી કાર્યોમાં બને તેટલી મદદ કરવી, અને દેશ કલ્યાણ સંબધી કાર્યો હોય તે પોતાનાજ છે, એમ સમજવામાં ખરો હેતુ સમાયલો છે. તેમાંજ પોતાનું દૈથા પરનું ભલુ છે. તેમ કરવાથી જગત કર્તા પરમેશ્વર પણ ખુશી થાય છે. પરંતુ એકલો પોતાનોજ અર્થ સાધ્યાથી અને બીજાઓમાં તશભાવ રાખવાથી, પરમેશ્વર પ્રસન્ન રેહેતા નથી. એટલુંજ નહી, પરંતુ આપણું અંતકરણ અપ્રસન્ન રહી રોગ વગેરે વ્યાધીઓ, ઉત્પન્ન થાએ છે. ગમે તેટલો બળવાન હોએ, પણ જો તેનું મન નિર્બલ હશે તો તે જોઇએ તેવું ઉતમ કામ કરવા ઇચ્છા પ્રમાણે કદી સમર્થ થશે નહી. કારણ કે મનનો આધાર શરીર ઉપર પણ કેટલીક અસર કર્તા છે માટે મનના

વિકારોને દબાવી કુમાર્ગમાં જતી વૃતીઓને હરી લઇ સદભાવ અને ભાઇ-ચારો કરવામાં અંતકરણને નિરંતર રોકવું એજ મોટું ફળ મેળવ્યા બરાબર છે. (એક વિદ્વાન કહે છે -કે) ભાઈચારાની અસરથી થતા લાભો, સામાન્ય ભાઈચારો કેળવવાથી સર્વને એક રણ ભુમિપર વગર અથડામણે લાવી મુકે છે. તેના ઉત્તમ હેતુથી મનુષ્યને પોતાની, પોતાના ભાઇભાંડુનું, પોતાના દેશના બંધુઓની થતી દુર્દશા વગેરેનું ભાન કરાવી સર્વને જાગૃત કરે છે, જ્યારે આ ભારત ભુમીપર ભાઇચારાનો ખરો અર્થ કેળવવામાં આવશે ત્યારે આ લોક અને પરલોકના સુખના સાધનો મેળ-વવા માટેની ખરેખરી ઐક્યતા થએલી સમજાશે. બંધુઓમાં કુસંપ, વૈરભાવ, ને અમર્યાદાની જે જાળ પસરેલી છે, તેથી તેઓની સંસારીક, વ્યાવહારીક, રાજકિય, અને ધાર્મીક, એ ચારે સ્થીતિ છિન્ન ભિન્ન થઇ, દુર્દશાએ પામેલી છે, તે સર્વના જાણમાં છે. કેટલાક બંધુઓ પશ્ચિમના લોકોના સહવાસથી ક્ષણીક ભોગવિલાસો, મોજ શોખ, ગાડી વાડી, અને ગાન તાતના, ભોગી થતા જવાથી, તેવાંઓને પોતાના બંધુઓની સ્થીતિનું જરા પણ ભાન રેહેતું નથી. નિષ્પક્ષપાતી અને બુદ્ધિમાન પુરૂષો તો સારી રીતે જાણી શકે છે કે, આ હિંદુસ્તાન દેશપર આવા દુખરૂપ ડુંગરો, અને ભુખમરાની આવી પડતી આફતો, દુર કરવાની આ ભારતભુમિમાં હાલના સમયે ઘણી અગત્ય છે. પરંતુ બુદ્ધિ હીન અને સ્વાર્થમાં ડુબેલાઓને તે સંબંધી જરાપણ દરકાર હોય તેમ જણાતું નથી. ભાઇચારો ખીલવી જુદી જુદી જાતના લોકોનો સમુહ ઐકયતાથી એકઠો મળે તેવા દાખલાઓ ભારત ભુમિપર જવલેજ બન્યા હશે. પરંતુ આ હિંદ ભુમિપર જ્યારથી આ મત હિંદુસ્તાનમાં ફેલાયો છે ત્યારથી ઐક્યભાવથી એકઠા મળવાના અનેક પ્રસંગો આવવા લાગ્યા છે. એટલુંજ નહી પરંતુ દીનપર દીન તેથી ભાઇચારાના ખરા લાભોના સંતોષ કારક પરિણામો નિપજતા જાય છે. હાલમાં આપણા દેશના કેટલાક જુવાનિઆઓ, બારીસ્ટરો કે, શોલીશીટરો વકીલ, કે ડાકટર, બી. એ. કે, એમ. એ. વિગેરેની, યુનિવરસિટીની પદવી અથવા ચાંદો મેળવી બાહાર પડે છે. તેમાંના કેટલાકને તો ફકત એકજ ઇંદ્રીયનું જ્ઞાન મળ્યું એટલે સકળ વિદ્યા સંપાદન થઇ એવો ગર્વ પેદા થાય છે, અને તેઓ પોતાના બીજા બંધુઓને નીચ અને હલકા ગણી તેમની તરફ કેટલીક

વાર તિરસ્કારની નજરે જુએ છે, પરંતુ કેટલાકો જેમણે ઉતમ નીતિ રીતીનું જ્ઞાન સંપાદન કર્યું હોય છે, તેવા અનુભવિઓ પોતાના દેશીબાંધવો પ્રત્યે સમભાવ અને મમતાથીજ વર્તે છે. તેથી તેઓ જનસમુહમાં માનને અધિક પાત્ર થઈ લોકપ્રીય થઇ પડે છે. કાળની બલીહારી અતિ વિલક્ષણ છે. આપણા નિસ્તેજ થએલા બંધુઓમાં જયારથી ભાઈચારાના બીજ રોપાયા છે, ત્યારથી કાંઇક પ્રકાશ પડેલો માલમ પડે છે. તેના સંપુર્ણ તેજનું અજવાળું તો ભવિષ્યની પ્રજા જોવાને શકિતવાન થશે. હે બંધુઓ આ ઉપરથી તમારા દીલમાં ખરેખરી લાગણીને ખ્યાલ ઉત્પન થાય કે આ પુજ્ય ભારતભુમિની પ્રાચીન યાદદાસ્તો જરૂર માનને યોગ્ય છે. એવું માનતા હો તો તમારે અસલના લોકોના જેવાજ મહાન થવાની ઈચ્છા રાખી મનુષ્ય પ્રાણી તરફ ભાઇચારાથી વર્તવું જોઇએ છે. સ્વાર્થ રહીત શુદ્ધ અંતઃકરણથી ભાઇચારો ખિલવ્યા વગર આપણે પશુ સરખા પેટ ભરા જેવા છીએ. અસલના લોકોની જેવી મનુષ્ય પ્રાણી તરફ ભાઈ-ચારાની લાગણી જો કે આ દેશમાં સદંતર નાશ પામેલી નથી, પરંતુ દુનીઆના ઘણા ઘણા ભાગોમાં આ ઉતમ હેતુની નજરે જોનારા અને ચાલનારાઓ વસે છે, તેવાઓ અતિ માનને પાત્ર થાય છે. ( શેખ શાદી કહેછ કે) સાદી યા ગર વસ્લખાહી સુલેહકુન બાખાશીઆમ, બામુશલમાં અલ્લા અલ્લા, બા હિંદુ રામ રામ. ( અર્થ )

જો તને સર્વ જગતની પ્રીતી મેળવવી હોય તો તું સર્વ સાથે હળીમલી રહે. જો મુસલમાન મળે તો અલ્લાનું નામ અને હિંદુ મળે તો રામનું નામ લે, અર્થાત સર્વનો એકજ ઇશ્વર છે. ભાઇચારાનો હેતુ ખિલવનાર પુરૂષ પરમાર્થી, પરદુખભંજન, અને સત્યાગ્રહી બને છે. અત્રે હવે સંપ વિષે થોડુંક લખેલું વ્યર્થ જશે નહિ. કારણ કે ભાઇચારો અને સંપ એ બેઉનો એટલો તો નજીકનો સંબંધ છે કે સંપથીજ ભાઇચારો વધે છે અને ભાઇચારાથીજ સંપ થાએ છે. એમ જો હું કહીશ તો તે ખોટું ગણાશે નહીં. જયારે એક ઘરના, એક નાતના, એક જાતના, અથવા એક દેશના લોક, અથવા જુદા જુદા ઘરના જુદી જુદી નાત જાતના, ને જુદા જુદા દેશના લોક કેટલીએક વાતમાં એક વિચારના થાએ છે. અને એ વિચાર પાર પાડવાને એકઠા મળી કાર્યો કરે છે. ત્યારે તે એકઠા મળવાને ઐક્ય અથવા સંપ કરીને કહે છે. સારા અથવા નરસા કોઇપણ

કામને માટે એક વીચારનું થયું તેનું નામ ઐકય અથવા સંપ કહેવાય છે. કે ફલાણા ઘરના સૌ સંપથી રહે છે. સંપ શબ્દથી વાકેફ નહીં એવા લોકો થોડાજ.

નિશાળમાં જતો છોકરો પણ કોઇ દહાડો ફર્યાદ કરતો આવે છે કે ફલાણા બે છોકરાએ સંપ કરીને મને વર્ગમાં ઉપર આવવા દીધો નહીં. સંપ શબ્દનો અર્થ લોકોના સમજ્યામાં છે તે ઠીક છે, સંપ રૂડા કામને માટે પણ હોય ને નરશા કામને માટે પણ હોય. આ ભાષણમાં સંપ રાખવો એનો અર્થ આમ લેવો કે, રૂડા, યોગ્ય ઉદ્દેશનેજ સારૂ સંપ રાખવો. દુનિઆમાં ઘણી ઘણી ચીજો જોઇને માણસ તેનો ઉપભોગ કરવાની ઈચ્છા રાખે છે. પણ તે તેને પોતાનાજ સામર્થ્ય થકી મળી શકતી નથી, તે જો પોતે બલાતકારે એકલોજ અભીમાનના જોશમાં લેવા જાય છે, તો તેમાં ઠોકર ખાઇને પડે છે, એવું છે તેથી અગર બીજાની સહાયતા લેવી, તેને ગમતી નથી. તોપણ જો નથી લેતો તો, ઇચ્છેલું પ્રાપ્ત થતું નથી. માટે નાચારીથી પણ તેને સહાયતા લેવી પડે છે, ને એ સહાયતાજ સંપની ઉતપતિ છે, એમ સમજવું. એકતો સ્વાર્થ સારૂ બીજાને સહાયતા જોઇએ એ ખરૂં, ને જગતનું નુર પણ તેવુંજ છે કે, જેને જોઈ દેખા દેખાથી માણસને પણ તેમ કરવાનું મન થાય છે.

જુવો આકાશ અને જુવો કે કોટયાવધિ તારાઓ કેવા નિયમ સર એક બીજાથી અમુક અમુક અંતરે રહેલા છે? ગ્રહો પોતાની ગતીમાં ઘાલમેલ કરીને સૃષ્ટીનો નાશ કરતા નથી, પેલા બે મોટા ગોળા સુર્ય ને ચંદ્ર એનેજ જુવોની? કે તેઓ કેવા સંપથી રહેલા છે. શું કોઇ દહાડો ચંદ્ર અને સુર્ય એ બંને જોડે પ્રકાશતા દીઠા? ઉનાળા વિના ચોમાસુ નહીં, અને ચોમાસા વિના ઉનાળો નહીં, દુનિઆ ચલાવવાને સઘળી વસ્તુઓ કેવી એક સંપથી રહેલી છે, ઝાડોમાં પણ તેમજ છે, પૃથ્વી, બીજ, પાણી, તડકો, વગેરેનો, સંપ થાય છે. ત્યારે તેમાંથી વૃક્ષ, પછી ફુલ, ને પછી ફળ, થાય છે. અર્થાત જગતનું નુર સંપ છે. કોઇ પ્રાણી પછી માણશ કે જનાવર નિરંતર એકલુંજ એક ઠેકાણે રહ્યું અને તેણે એકલાએજ કામ કીધું એવું ઘણું ખરૂં તો જોવામાં નહીજ આવે. બીજા પ્રાણીઓ અને ઝાડોને ઈશ્વરે જે પ્રેરણા આપી છે તેવડે પોતાના કામો કર્યા જાય છે.

પણ મનુષ્યને બુદ્ધિ આપી છે, કે જે બુદ્ધિના યોગે તે પોતાને જોઇતું, સુઝે તેવી રીતે અનુકુળ કરી લે છે. દુનિઆમાં વસ્તુઓ જોઇને માણુસ મોહ પામી જાય છે, ને વિચાર કરે છે કે, આમાંથી શું લઉં, ને શું ન લઉં, ને પછી ગભરામણુમાં તે પોતાના સાથીને પુછે છે. મેહેનત કરીને લાવેલું સંભાલી રાખવાને તેને ઘણાં માણુશની નજર જોઇએ એ સઘળા સાધનની અનુકળતા કરી લેવાને સૌને એક બીજાને ગરજ પડે છે. માણુશ માણુશને કામ લાગે છે. માણુશ બીજી વસ્તુઓને અને બીજી વસ્તુઓ માણુશને એમ સઘળે ઠેકાણે પરસ્પર કામ લાગે છે વનમાંથી ખસીને ગામોમાં, શેહેરોમા, લોકોએ રેહેવા માંડ્યું, અને ત્યાર પછી પોતપોતાની રૂડી રીતે વર્તવા શારૂ નાના પ્રકારના, રાજ્ય સંબંધી, નિતી સંબંધી, સંસાર સંબંધી, કાયદાઓ બાંધી, બંદોબસ્ત રાખયા, અન પછી એકઠા મળીને મંડળીઓ કહાડીને વિઘા વેપારના કારખાના વધાર્યા, તે સૌ સંપને જોરે. નથી તેને છે કરવામાં સંપ આદીકારણુ છે, અને છે તેને નથી કરવામાં અદેખાઇ ભરેલા વિચારો મુળ કારણુ છે ઉઘાડું છે કે કાચા શુતરનો દોરો ઝટ તુટી જાએ છે, પણુ જ્યારે તે બીજા દોરાઓ જોડે એકઠો વણાઇને દોરડારૂપે થાય છે, ત્યારે તે તોડી નાખવો મુશકેલ થઇ પડે છે. અને વળી મોટા મોટા ભારોને ખેંચી લઇ જાએ છે. માણુસને પોતાના બળમાં, પછી શરીર બળમાં, વિઘા બળમાં કે બુદ્ધિબળમાં વધારો થાય છે. અને વધારાના યોગે દુનિઆમાં ફેરફાર થઈ જાય છે. સિકંદર બાદશાહ, અને તેના બે ત્રણેક પ્રધાનો એઓના એકઠા બળે આહા કેટલું રાજ્ય સંપાદન કીધું. એક પુરૂષ ગમે તેવો ચતુર હોય ને તેનો સંબંધી તેનો વિશ્વાસઘાત કરે તો આગલાનું શું ચાલે ? બે હાથ વિના તાળી પડેજ નહી. ઓછામાં ઓછુ બેનું મળવું થયા વિના કંઇજ કામ થાય નહી. પછી તેમાં એકનું બીજાના કરતાં વધારે આગળ પડે. નેપોલીઅનબોનાપાર્ટે એકલાએ આખા યુરોપખંડને થથરાવી મુકયો હતો. તેમાં શું તેના મસલતદારોનું અને વિશ્વાસુ લશકરની સહયતાનું એકઠું મળેલું પ્રાક્રમ ઘણા લોકોનું શરીરબળ અને મનબળ ન હોતુ ! ને એ એકઠા બળના કરતાં, જ્યારે રૂશીઆ, પ્રુશિઆ અને ઇંગ્લાંડ એ ત્રણુ જુદા જુદા દેશના જુદા જુદા લોકો શરીરબળ તથા મનબળનો સંપ થયો, ત્યારે બોનાપારટનું કાંઇજ ચાલયું નહી, એ વાત

પણ ખરી કે નહી? થોડા ઉપર એકલા રૂશીઆની સામે! અંગ્રેજ, ફ્રેંચ, અને તુર્કનો એકઠો જમાવ હતો, ત્યારે રૂશીઆનું શું ચાલયું? જે વેળા કૈકઇના વચન ઉપરથી રામચંદ્ર વનવાસ નીકલ્યા, તે વેળા તેની પાશે શું હતું? જ્યારે તેની સાથે લક્ષમણ અને સીતા એ થયા, ત્યારે તેને કેટલી વાતથી મદદ મળી, પોતે શત્રુ મારવા જતા, ત્યારે સીતાનું સંરક્ષણ કરવાને વિષેશે અને પોતાને સહાય કરવાને લક્ષમણ કામ લાગતો કે નહી? ને પછી બે ભાઇનું સુગ્રીવ હનુમાન સાથે મળવું થયું ત્યારેજ રામચંદ્રે રાવણને માર્યો, કે પોતે એકલાએજ જઇને માર્યો? પાંચ પાંડવો પણ એક સંપે રહયા તે પછી તેઓએ કૃષ્ણની સાહ્યતાથી કૌરવનો પરાજય કીધો એ શું? કૌરવ પણ લડાઇમાં ઘણીવાર ટકયા, તે માંહોમાહે સંપ હતો ત્યારે કેની? અને પછી તેઓનો પાંડવો કરતાં અંગબળમાં અને બુદ્ધિબળમાં ઘટાડો થયો ત્યારે તેઓ હાર્યા કેની? રાજ્ય સુધરાવટમાં પણ રાજાનું અને પ્રધાનોનું, એકદીલ હોવું જોઇએ. પ્રધાનોનું, અને રાજાનું એકમત ન હોય, તો પ્રધાન વડુ કરે શું? નવા કાએદા બનેશુ? અને રાજ્યની આબાદાની થાએ શું? આપ ભાઇઓને અજાણ્યું નથી કે ઇંગલાંડમાં જુદા જુદા પ્રાંતોમાં મુખ્ય શેહેરોના વિદ્વાન પુરૂષોનું રાજકિય કામના વિચારને સારૂ પ્રજાની તરફનું જે એકઠું મળવું થાએ છે તેને પારલામેન્ટ સભા કહે છે. એ સભા પોતાના દેશીઓના દુખનો વિચાર કરી, તેને સરકારમાં જાહેર કરે છે. રાજ્યની સતા રૈયત ઉપર કેટલી, અને રૈયતે રાજાની કેવી અને કેટલી સતા માનવી, તેનો રાત દહાડો વિચાર કરે છે, એ સભા અને રાણી વચ્ચે જો કંઇ વાંધો પડયો તો, તે વાત તેમની તેમ રહે છે. રાજા અને રૈયત વચ્ચે ઘણો સંપ હોવો જરૂરનું છે. રાજા કહે કંઇ ને રૈયત કરે કંઇ, તો તેમાં રાજા અને રૈયત બન્ને પોતાનું અકલ્યાણ કરી લે, રાજા રૈયતે એક બીજાના વિચારથી નવા કાયદા કરવા, રાજાએ રૈયતની સલાહ લીધા પછી દેશમાં રૂઢી વ્યવસ્થા કરવા સારૂ, (પોતાના મોજ સોખને માટે નહી), રૈયત પાસેથી ઘટતું દ્રવ્ય માંગવું. એકે કાયદા ઘડવા, અને બીજાએ બજાવવા. રાજાએ રૈયતના હકમાં સારૂં થાય, તેવા ઘણા કામો કરી આપવા. વગેરે જે બાબતોથી સલાહ સંપ રહે, તે બાબતોની વૃદ્ધિ કરવી એ થકીજ દેશની સંપતી વધે છે. રાજકીય પ્રકરણમાં સંપની જરૂર અને

અગત્ય ઘણી છે, તે વીશે આપ ભાઇઓને છેક અજાણ્યું નથી. ઇતીહાસો વાંચ્યા થકી માલમ પડે છે કે રાજ્યની સંપતિ અને આબાદાનિ વધવાને રાજાનિ તરફથી રેહેમ નજર અને રૈયતની તરફથી રાજભકિત અવસ્ય જોઇએ. જો સંપ ન હોય તો તે રાજ્ય થોડા દહાડા સમજવું. સંસારીક કામમાં સંપની જરૂરીઆત વીશે બોલવાનું છેજ નહી, કેમ કે ડગલે ડગલે તેનું કામ પડે છે. સંસારની ઉતપતિજ સંપથી છે. ઉતપતિ છે તો વૃદ્ધિ કાં ન હોય? ઘરમાંના માણશોની વચમાં જો કુસંપ થાએ તો તેઓ ઘર વણસાડે, ખાવે પીવે હેરાન થાય અને લોકોમાં હાથે કરીને ફજેતી કરાવી લે. કુટુંબના માણુસોમાં સંપ રહ્યાથી પ્રીતી વધતી જાય છે, એક બીજાને મળીને કામો થાય છે, અને કામો આરંભ થકી, તે અંતલગી કાંઇ વિઘનો જોતા નથી. પણ વેહેલા પાર પડે છે. જે સગાવાહાલામાં, દીકરાબાપને, ધણીધણીઆણીને, સાસુવહુને, અને બીજાઓને બનતું નથી. અર્થાત અદેખાઇ એ સજડ મુળ ઘાલ્યું હોય છે, ત્યાં પૈસાની, શરીરની અને બુદ્ધિની હાની થયા વગર રેહેતી નથી. (કવી તુલશીદાસ કહે છે કે) "તુલશી આ સંસારમે, ભાતભાતકે લોગ, સબસે હીલમીલ ચાલીએ, નદી નાવ સંજોગ. વેપાર બાબતમાં સંપથી થતા લાભ વિષે ઘણુ બોલવું તે થોડું છે. એકલા જાતે મોટા વેપાર તો ઘણા દ્રવ્યવાળાથીજ થાય, ને તેમાં જો નુકશાન થાય, તો તેને એકલાનેજ ભોગવવું પડે, મંડળીએ વેપાર કીધાથી ઘણાજણ પોતાનું થોડું થોડું ધન વેપારમાં નાખી શકે છે. અને તેમાં જે નફો નુકશાન થાય છે. તેમાં નફા ઘણી ઘણીવાર થાય છે. ને નુકશાન થોડા થોડીવાર થાય છે, એથી ઘણાજ જણને થોડે પૈસે ઘણો નફો થાય છે. વારૂ, મંડલીવાળાનેજ નફો થાય છે એટલુંજ નહીં, પણ દેશમાં ઘણી બહારની વસ્તુઓ જલદીથી સસ્તી કીમતે આવે છે. કોઇ સંચાનું નવું કારખાનું કાહાડવું હોય તો તેને માટે લાખો રૂપીઆ જોઇએ. ને તે સઘળા કંઇ એકલાથી અપાય નહીં, પણ મંડળી રૂપે એકમત થયાથી ઘણું નાણું તે વેપારમાં નખાય છે. વળી એકને ધીરનાર ન મળે પણ મંડળીને ધીરનારા ઘણા મળી આવે છે. ઇંગલંડમાં મંડળીઓથીજ વેપાર ચાલે છે. વેપારીઓના સંપથી દુર દેશના લોકો જોડે, સંબધ થઇને મૈત્રી થાય છે. અને સંગતીથી પારકા દેશના લોકોના રીવાજો, તેઓની નિતી તેઓનો ધંધો, તેઓની વિદ્યા ચતુરાઇ વગેરે આપણા જાણવામાં સહેજ આવે છે.

# જાતી ભરોસો અથવા જાતી આધાર.

ભાષણ કર્તા—મી૦ ગુલામહુશેનભાઇ કરીમભાઈ

પ્રમુખ—ઑ. અબદલાભાઇ. મે. ધરમશી.

તા૦ ૧—૯—૯૫.

જાતીભરોંશો અથવા જાતી આધાર ધરાવનાર માણુસ કેવા હોવા જોઇએ—મારા ધારવા પ્રમાણે જે માણુસ કંઇપણ કામ પોતાની હીમત અને ઉલટથી હાથમાં લે છે, અને કોઇની પણ મદદની આશા અથવા દરકાર રાખવા વગર અને વીરૂધતાથી બીધા વગર પોતાના ઉપર ભરોંશો રાખી બજાવે છે તેવો માણુસ એવો ગુણ ધરાવનાર કહેવાએ. એવો શુરવીર ઘણુ કરી શકે છે તેની આગળ કંઇપણુ અશકય નથી. એવા હીમતવાન નરને બધી દુનીઆ તાબે રહે છે. દરેક શખશે પોતાના ગુજરાનને માટે તથા દુનીઆમાં આગળ વધવાને માટે પોતા ઉપરે આધાર રાખવો એ જાણે કુદરતથી મુકરર કીધેલી ચીજ છે. આપણો ખોરાક, કપડા, અથવા બીજી કોઇ પણ ચીજ મેળવવા માટે આપણે બીજા ઉપર આધાર રાખવો નહીં. આથી કરીને આપણુ ગુજરાન અથવા શગવડ બીજા કશા કરતાં વધારે સારી રીતે થઇ શકે છે. અને શંચવાએ છે. જવાન માણુસોએ તેટલા માટે પોતાના નાન-પણના વખતથીજ જેમ બને તેમ જરૂરીઆતની ચીજો મેળવવાને પોતા ઉપર આધાર રાખવાની ટેવ રાખવી. જેમ જેમ જુવાન માણુસો પોતાને વધારે કામના થશે અને પોતાનાજ ઉપર આધાર રાખીને આગળ વધશે, તેમ તેમ લોકો તેમને વધારે ચહાશે અને માન આપશે. આપણુને માટે આપણે જેવી સારી રીતે એક ચીજ કરીશું, તેવી શારી રીતે બીજાઓ કદાચજ કરશે. બલકે ઘણુ કરીને તેઓ કરશેજ નહીં. તેથી કરીને, જે ફરજ આપણે પોતે બજાવી શકીએ તેને માટે બીજા ઉપર આધાર રાખવો નહીં.

ઘણીજ નાની સરખી વાતો ઉપરથી માણસમાં જાતીઆધારનો ગુણ પરખાઇ આવે છે. તેથી એ ગુણ કેળવવો એ ઘણી જરૂરની વાત છે. કોઇ પણ કામની લાયકાત જોઇ તેની પછવાડે મજબુતાઈથી વળગીજ રહેવું, એજ માણસની ચાલ અને મોટાઇનો પાયો જાણવો. જો આપણામાં હોંશ અને ઉલટ હશે. તો ગમે એવી મહેનતના કામથી કાયર ન થતાં આપણે આપણો રસ્તો કરતાંજ જઇશું. ગમે તેવી મુશકેલીઓથી અટકી ન જતાં આપણે વધતાજ જઇશું, ને જોઇએ તેવી ગરીબાઇમાં જનમ્યા હશું તો પણ તેમાંથી રફતે રફતે આગળ વધતાજ જવાશે. બુધ્ધીવાળા માણસો કરતાં દમદાર અને હીમતવાળા માણસો વધારે કામ કરી શકે છે. અને પહેલાને જે અડચણો અને જોખમો નડે છે અને તેને જેટલી વાર નીરાશ થઇ પાછા હઠવું પડે છે, તેનાથી અર્ધે દરરજે પણ હીમતવાન માણસોને મુશકેલી વેઠવી પડતી નથી. કોઇ પણ કામ પુરૂં કરવામાં હમેશાંજ ઉંચી બુદ્ધીની જરૂર પડે છે એમ સમજવું નહી ખાસ તો મકકમપણું જોઇએ. એટલુંજ નહીં પણ હોંશથી આગળ વધીને ખંતથી તેની પાછળ લાગ્યાજ રહેવું એવી ઇચ્છા જોઇએ. એથી કરીને માણસના દરેક કામને ગતી મળે છે, તેની કોશેશમાં જીવ આવે છે. તથા સાચ્ચી આશા કે જે આપણી જીંદગીમાં મુખ્ય ચીજ છે તેનો પાયો રચાય છે. જાતી ભરોંશો નહીં ધરાવનારને એક પોચા અને કાયર મનના માણસ તરીકે જાણવો, તેની જીંદગીને ધીકાર છે. મજબુત મનના જેવું બીજું કોઇ પણ સુખ નથી. કદાચ એમ પણ બને કે કોઇ હાથમાં લીધેલું કામ ફતેમંદ નહીં પણ ઉતરે, તો પણ તેનું જેટલુ ચાલે એટલું એક માણસ કરી ચુકયો હોએ તો તે વીચારથી તેના મનને સંતોષ મળશે. કોઇ ગરીબ માણસ કે જે દુઃખના સામે કમર બાંધી ધીરજથી આગળ વધતો હોએ તથા પોતે નેકીને રસ્તે ચાલતો હોય અને એક બારગી હીમત ન છતાં આગળ વધતોજ જતો હોય તો તે કેવો એક ધ્યાન ખેંચનાર દેખાવ થઇ પડે છે. ફકત ઇચ્છા અને લોભજ રાખવાથી જુવાન માણસોના દીલ બેચેન થઇ જાય છે. માટે તેઓએ હંમેશાં કાંઇ કામ કરતાંજ રહેવું જોઇએ. કોઇ પણ સારા કામની ઇચ્છા કરવા પછી તેણે તે તરતજ કરીને પુરૂં કરવું જોઈએ. કોઇ પણ કામની વાટ જોઇને બેશી રહેવાથી કંઇ લાભ થતો નથી, પણ તુરતજ તે

પાછવાડે મહેનત કરયાજ કરવી અને ફાંફાં મારીને જેટલું આગળ ચલાય તેટલું ચાલવુંજ જોઇએ. એક સારા કામની શરૂઆત કીધી તો તે ખુશાલીથી પોતાની શકતીપર ભરોંશો રાખી પુરૂંજ કરવું જોઈએ, અને હીમત હારીને કદી બેસી રહેવું નહીં. જો આપણું મન મકકમ હોએ અને આપણી મકશદ ઉમદા હોએ તો આપણી તાકાતમાં જેટલું હોએ તેટલું આપણે કરી શકશું એમાં કંઈજ શક નથી.

દુઃખ અને મહેનત જો કે કઠણ ચીજો છે તોપણ તેમાં અનુભવ મેળવ્યાથી આપણને ઘણાજ સારા ધડાઓ મળી આવે છે. જે માણસ નકામા જેવા ખોટા બાહાના બતાવીને પોતાના કામને પછવાડે રેવા દે છે, તો તેને એક હીચકારા તરીકે જાણવો. જ્યારે કોઇ પણ કામ કરવાનું શરૂ કરવું, ત્યારે મન સાથે નકકી કરવું કે આપણે એને છટકવા દેવું નથી અને તે જરૂર પુરૂં થશેજ. જે કામ દેખીતી રીતે અશકય લાગે છે તેને માટે મકકમપણું બતાવવાથી તે થઇ જાય છે. માણસ જે કામ પાછળ પોતાનું દીલ લગાડે છે અને મારે આવો થવું છે, અથવા મને એક કામ કરવું છે, એવો મન સાથે ઠરાવ કરે છે તો તે પ્રમાણે ધારેલું કામ કરવાને અથવા ધારેલી હાલતે પહોચવાને પોતાના જાતીભરોંશાથીજ જરૂર ફતેહ પામે છે. એક જાણીતો દાખલો આપણે લેશું:—

ગ્રીનવીળશારપના નામથી કોણ વાકેફ નથી. એણે ઈંગ્લંડમાં ગુલામી વેપાર અટકાવવાને મોટા લોકો સાથે કેવી કેવી ટકકરો લીધી અને આખરે કેવી રીતે ફતેહ પામ્યો તે વીશે તમો શઘળાઓએ વાંચ્યું હશે. અંગ્રેજીમાં કહેવત છે કે "Where there is a will there is a way" એટલે કે જો મરજી હોએ તો રસ્તો નીકળે. એ એક જુની અને ખરી કહેવત છે હું એક ચોકસ કામ કરીશ એવો વિચાર લાવ્યાથીજ આપણે ઘણે ભાગે તે કામ કરવાને શકતીવાન થઇએ છીએ. કોઇ ચીજ મેળવવાને માટે મનમાં નકકીપણે વીચાર કરવાથીજ ઘણી વખતે તે ચીજ મળી આવે છે. મહાન નેપોલીઅન કહેતો હતો કે જે અશકય એ એક અર્થ વીનાનો શબ્દ છે અને તે ફકત મુરખ લોકોનીજ ડીકશનેરીમાંથી મળી આવે છે. કોઇ માણસ જો તેની પાસે એમ કહેતો કે આ વાત અશકય અથવા તો મારાથી બની શકે એવી નથી તો તેવા માણસ ઉપર તે

ધીક્કાર બતલાવતો. તેની એકાદ ચડાઈ વખતે કોઇએ તેને કહયું કે રસ્તામાં આલ્પશથી ડુંગરો તેને આડા આવશે ત્યારે તેણે જવાબ આપ્યો કે મારા સામે આલ્પશથી ઉભા રહેવાશેજ નહીં. એ જવાબ તેની હીમતની અંદરનો તેનો ભરોંશો બતાવતો હતો, અને ખરેખર તેને ડુંગરોને સીધા કરી અગાઉ જ્યાં કોઇ પણ જઇ શકતું નહીં. ત્યાં પોતાનું લશકર જાય એવો રસ્તો બંધાવી દીધો, એનો હરીફ વેલીંગટન એના જેવોજ બલકે એના કરતાં વધારે જાતીભરોંસો ધરાવનાર માણસ હતો. જ્યારે સ્પેન અને પોરટુગલમાં નેપોલીઅનની સામે લડાઈ ચાલતી હતી. અને તેમાં વેલીંગટન ઉપર મોટી મોટી આફતો અને અડચણો આવી પડવા લાગી તો પણ તેને પોતાની શકતીપર ભરોંશો રાખી જે ધીરજ અને મકકમપણું બતાવ્યું હતું તે ઇતીહાસની નોંધો પરથી શાફ દેખાઇ આવે છે.

જડપથી ઠરાવ કરવો અને પોતાની શકતી ઉપર ભરોંસો રાખી જડપથી કામ કરવાની તઈઆરી કરવી એ ઉપરથી માણુસમાં કામ કરવાનો જુશો જણાઇ આવે છે. છેલી શદીનો આપણે ઈતીહાસ તપાશીશું તો આપણુને તરત દેખાઈ આવશે કે ગ્રેટબ્રિટનના મહાન પુરૂષોએ આ દેસની અંદર પોતાના જાતના જાતીભરોંશાનું પાણી કેટલું બધું બતાવી આપ્યું છે. જેવા કે લોરડ કલાઈવ, વોરન હેશટીંગસ, મારકવીસ ઓફ વેલેશલી, વગેરે, કલાઈવ તમે જાણુતા હશો તેમ એક સાધારણ કલારક તરીકે હિંદુસ્તાનમાં આવ્યો અને જ્યારે એક વખત એવો થયો કે અંગ્રેજોનો પગ હિંદુસ્તાનમાંથી નીકળી જાએ તેવેજ વખતે તેણે પોતાની જાતભાઇઓની શકતી અંદરનો તેમનો ભરોંશો ઉશકેર્યો અને એક શીપાઇ તદીકે બહાર પડી હિંદુસ્તાનમાં અંગ્રેજી શહેનશાહતનો પાયો તેણે મજબુતાઇથી સ્થાપ્યો. વોરન હેશટીંગસ એક ઉંચા પણ ગરીબ અને નાશ થઇ ગએલા કુળમાં જનમ્યો હતો અને આપણુને ઇતિહાસ ઉપરથી માલમ પડે છે કે એક વખત એવો પણ આવ્યો કે જ્યારે તેણે હિંદુસ્તાનમાં પાંચ કરોડ માણુસો ઉપર લગભગ સ્વતંત્રપણે હુકમત ચલાવી પોતાના કુટંબની ખોએલી જાઓજલાલી પાછી મેળવી અને ચોતરફ પોતાની કીર્ત્તિ ફેલાવી. આપણા પોતાના સ્વદેશમાંથી એવા દાખલા વારંમવાર મળી આવે છે. જેમકે શીવાજી, હૈદરઅલી વીગેરે.

શીવાજીને જુઓ તેણે મરેઠી રાજ્યને એક વખતે કેવી ચડતી દીશા ઉપર લાવી મુકયું હતું અને હેદરઅલી જાતીઆધારના બળથી એક સાદા શીપાઇની હાલતમાંથી રાજાની પદવી ઉપર પહોંચ્યો હતો.

આપણી પોતાની ખોજા કોમમાં ઘણા લોકો પૈશા મેળવવાની બાબતમાં જાતી આધારે ફતેહ પામ્યા છે. પણ હજી તેઓમાં કેટલાક નાતજાતના કઢંગા તથા ખરચાલુ કાયદા અને રૂઢીઓ છે. તે દુર કરા-વવાને બીજા લોકો ઉપર આધાર રાખીને બેઠા છે, જાણેકે એ કામ તેમનું હોય નહીં. પણ ભાઇઓ એમ બનેજ કેમ. જો દરેકજણ એમજ સમજે કે એ કામ બીજા કોઇ કરશે તો એ થાએજ કેમ. દરેકજણે એવા સારા કામો માટે ઉલટથી પોતાઉપર આધાર રાખી બહાર પડવું જોઇએ અને આપણે આગળ કહી ગએલા મહાન પુરૂષોની માફક પોતાની નેમમાં તેઓ જરૂરજ ફતેહ પામશે.

એ ઉપરાંત દુનીઆની અંદર લોકો સાધારણ રીતે કોઇપણ માણ-સની ચાલચલણની બારીકીથી મહેનત લઇ તપાસ લેવાને ચહાતા નથી અને તેટલા માટે દરેક માણસ પોતા વીશે શું વીચાર ધરાવે છે તે ઉપરથી તેના માટે અટકળ બાંધે છે. એક માણસ કે જેને પોતામાં ભરોંશો નહીં હોએ તેમાં બીજાઓ ભરોંશો મુકે એવી આશા તેણે કદીપણ રાખવી નહીં. આપણે હંમેશાં જોઇએ છીએ કે મુશકેલીના વખતમાં દરેક જણ જાતી ભરોંશો રાખનારની પાસે જાએ છે. અને સઘળા જણાઓ તેને પોતાનો રસ્તો બતાવનાર તરીકે ગણે છે અને ફકત તેના એકલાના ટેકાથી કેટલા બધા લોકોને હીંમત આવે છે. આવી રીતે જાતી ભરોંશો અથવા જાતી આધાર રાખનાર માણસ શકતી, વગ, વીશ્વાસ. અને જોખમદારી ભરેલી જગ્યાઓ મેળવે છે. જ્યારે એથી ઉલટા ખાશીઅતના માણસોની કોઈ દરકાર કરતું નથી.

# કેળવણી એટલે શું અને તે કેવી હોવી જોઇયે.

ભાષણ કર્તા—**મી૦ રહીમભાઈ હીરજી,**

પ્રમુખ—ડાકટર **ઈશમાઈલ જાનમામદ.**

તા૦ ૨૯—૯—૯૫.

જ્યારે આજકાલમાં આપણા ભાઇઓ કેળવણી વીષે દર વખતે ભાષણ આપતા જાય છે ત્યારે આપણને કેળવણી એટલે શું એનો અર્થ સમજવો ઘણોઅવશ્ય છે, અને જો તેના ઊપર આપણે બરાબર ધ્યાન પહોચાડીશું તો, આપણને બહુ ઊપયોગી થઇ પડશે. નીશાળે જવું તથા ચોપડીઓનો ભારે અભ્યાસ કરવો એ કેળવણીનો નાનો સરખો ભાગછે. તેમાં કાંઈ આપણી જીંદગીની દરેક પ્રકારની કેળવણી સમાયલી નથી. મી૦ વાકેર કેળવણીનું બ્યાન "જુવાનીમાં રીતભાતનું બનવું" એવી રીતે કરે છે પણ એ કહેવું હજુ અધુરૂં છે. મી૦ વેબસ્ટર કહે છે કે "સમજણ શક્તીને ઊજાશ આપવો, સ્વભાવને સુધારવો, તથા જુવાનીની આદતો તથા ચાલચલણોને બનાવવી તથા આપણી હવે પછીની આવતી હાલતને માટે તેમને ઊપયોગમાં લાવવી, એ સઘળાને માટે જે કાયદાઓ, ઉપદેશો, તથા સલાહો ફરમાવી છે તે કેળવણી એ બોલમાં સમાયલી છે. કેળવણી તમો ભાઈઓ જાણો છો તેમ અંગ્રેજીમાં એને એજ્યુકેશન કહે છે અને તે બોલનો અસલ મુળ આપ્રમાણે થાય છે કે "લઇ જવું, લાવવું, બનાવવું, રૂપ આપવું, ટીપીને બહાર કહાડવું, વગેરે; જેમકે આપણે એક ધાતુના કટકામાંથી એક હથીઆર ઘડી કહાડીએ અથવા તો એક સંગે મરમરના કટકામાંથી એક પુતલું કોતરી કહાડીએ તેમ એ શબ્દના મુળમાં એજ મતલબ સમાયલી છે. આ દાખલા ઊપરથી કેળવણી વીષેનો વીચાર તમારા ધ્યાનમાં આવ્યો હશે. કેળવણી એ એક એવી રીતી છે કે જેમાંથી એક કાચી અથવા આંકાર વીનાની ચીજમાંથી એક આકર-

વાલી ઊત્પન થાય. આ જાતની કેલવણી કાંઈ નીશાળમાંથીજ લેવાઇ શકાય એમ નથી. એક માણુસ નીશાળમાં ઘણું શીખેલો પણ હોય તો પણ તે અરધોઅરધ પણ કેળવાયેલો હોતો નથી. એટલે કે તે ભણેલો પણ ગણેલો હોતો નથી. ખરેખર જો આ નીશાળોમાં આપણા ભાઈઓ પોતાનું કર્તવ્ય શું છે, દુનીઆમાં જનમી પુરૂષોએ શું કામ કરવાનુંછે, ઘરની અંદર તેની સતા કેવા પ્રકારની છે અને તે સતા એ કેવી રીતે સારી રીતે ભોગવી શકે, પૈસા અને પુરૂષોનો શો સંબંધ છે, તથા સ્ત્રીઓ જે જે ચીજની ઘરમાં વ્યવસ્થા કરે છે તે પુરૂષોએ શી રીતે બહાર જઈ પેદા કરી લાવવી જોઇએ, બાલ બચ્ચાં તથા આખું ઘર તથા આખો દેશ કેવી રીતે સલાહ શાંતી અને સુખ સંપતીમાં દીવસ ગાળે, તેમજ આખા ઘરમાં અને જગતમાં નીતીવીનય અને સદાચરણનો શી રીતે વાસ થાય વગેરે બાબતોનું જાણવું તથા સમજવું તેનું નામ કેળવણી છે. હરબટ સ્પેન્સર કહેછે કે માણસને તેની પ્રેરણા બુધ્ધીથી જે કાંઈ વીચાર આવે તેજ પ્રમાણે ન ચાલતાં અને ડામાડોલ મન ન રાખતાં પક્કા વીચારનો અને સ્થીર મનનો, થઇને તે ચાલે અને જે કાંઈ તે બોલે અથવા કરે તે બોલવા કે કરવા અગાઉ તે પોતાના મનની જુદી જુદી લાગણીઓની જાણેકે એક સભા ભરીને, તેઓ આગલ પોતાનું બોલવા કે કરવા ધારેલું રજુ કરી તે જુદી જુદી લાગણીઓનો વાદવીવાદ સાંભલી ધીરજથી પક્કા ઠરાવપર આવે અને તે પ્રમાણે ચાલે અને એવી રીતે જ્યારે કોઈ પુરૂષ મનમાં વીચાર કરીને કામ કરે ત્યારેજ તેના ઊપર કેળવણીની અસર થઇછે એમ જાણવું. હું તમો ગ્રહસ્થો આગળ કેળવણી એટલે શું એ બોલનો અર્થ બોલી ગયોછું અને હવે તે કેવી હોવી જોઇએ, એના ઉપર બોલવું શરૂ કરૂં છું. તમો સરવે ભાઈઓ જાણો છો તેમ માણસની જીંદગી ત્રણ તબક્કાની બનેલીછે. બચ્ચપણ જુવાની તથા ઘડપણ. તેમાં મુખ્યત્વે કરીને જુવાનીનો વખત ઘણોજ અગત્યનો છે.

બચ્ચપણનો વખત એવો છે કે તે વખતે આપણે પોતે પોતાની કેલવણી શરૂ કરતા નથી. બાલક જ્યારથી જનમે છે ત્યારથી તેની તંન્દુરસ્તી સંભાલવાનું તેનું પોશણ કરવાનું, અને તેને ઉછારી મોટા કરવાનું કામ તેના માબાપને હાથ હોય છે. અને તેથી તેઓ તેને જેવી રીતે

રાખે છે તેવી રીતે તે રહે છે, મોટું થતું જાય છે તેમ તે વીચાર કરતાં શીખે છે. એટલે જેવી સંગતમાં તે પોતાને જુએ છે તેવું તે થવા માંગે છે. અને તેના માબાપની વરતણુંકનો તેના ઊપર છાપ પડેછે. જો તેઓ પોતે મનસ્વાધીનતાવાલા, માયાળુ, પોતાની ફરજ સમજનારા અને પોતાના બાલકને બરાબર કબજામાં રાખી જાણે એવા હોય છે તો તેઓના બાલક પણ તેમને માન આપી તેમના એવા ગુણોની નકલ કરે છે અને જ્યારે ઘરમાં એવા સારા દાખલા મળેછે ત્યારેજ નીશાળોમાં મલતા સબકો પણ તેમનાપર પુરી અસર કરે છે. એથી ઊલટા જે માબાપો વર્તે છે તેઓ બાળકમાં બાળપણથીજ દુરગુણનો પાયો નાખે છે. હવે એવી સારી રીતે ઉધારવાનું કામ ઘણે ભાગે સ્ત્રીઓ ઉપર આધાર રાખે છે. તેથી સ્ત્રીઓને કેવી કેળવણી જોઇયે તે હિંદુઓનો પ્રખ્યાત મનુ નીચલી લીટીઓમાં સમજાવી ગયો છે. "સ્ત્રીઓએ બધી વેલા આનંદી રહેવું, ઘરના કામમાં કુશલ હોવું, ઘરનો સામાન સાફ રાખવો અને કરકસરથી ઘરનો ખરચ કરવો." એ બધુ કરવાને શક્તીવાન થવા આ પ્રમાણે કરવું જોઇએ કે, આનંદી રહેવા સારૂ સ્ત્રીને ધરમની અને નીતીની કેળવણી જોઇએ. ઘરનાં કામમાં કુશલ હોવા સારૂં તેને પકવાન શાસ્ત્ર જાણવું જોઈએ તેમજ તેને ભરવા તથા ગુંથવાના કામમાં માહીતી હોવી જોઇએ. સામાન સુમન તથા ઘર સારૂં રાખવા તેને તંન્દુરસ્તીના નીયમો બરાબર શીખવા જોઇએ. અને કરકસરથી ખચર કરવા તેને હીશાબ જાણવા જોઇએ અને બીજા કેટલાક સારા ગુણો હોવા જોઈએ. વળી સારા ગુણો હોવા છતાં તે સાથ તેને ઉપર કહ્યા પ્રમાણે ધરમની નીતી વીશેનું જ્ઞાન પણ હોવું જોઈએ. જો સ્ત્રી ધરમી અને નીતી-વાન હોય તોજ તે બધીવેળા પોતાની આબરૂ જાલવી શકે છે અને પર-મેશ્વરે જે હાલતમાં મુકી હોય છે તે હાલતમાં સુખ સમજી પોતાના પતી તેમજ કુટંબ કબીલાને સુખી કરે છે. અને પોતાના સારા ગુણોનો અને સારી ચાલનો વારસો પોતાના બાલકોને આપે છે. સ્ત્રીને ખરા ધરમની ઘણી જરૂર છે. એથી ઉલટું જો તેણી ખોટા અને ઠગ ધરમ ઉપર દોરવાઇ જાય તો તેમાં જતા બીજા કેટલાક ઠગો તથા તે લોકો કે જેઓ તે ઠગ ધરમના ઉત્પન કરનારાઓના મદદગાર હોય છે, અને જેઓનો બીજા લોકોને તેમાં ફસાવવામાં સ્વાર્થ સમાયલો છે, તેઓની

સોબતથી ખરાબ અસર થાય છે અને તેનો વારસો તેમના અણસમજુ અને નીરદોશ બાલકોને આપતા જાય છે. જેનો તેમના મનમાં તથા મગજમાં બચપણથીજ છાપ પડે છે. તેમના મગજમાંથી તેનું પાછું નીકલવું ઘણુંજ અશકય થઇ પડે છે. એક પ્રખ્યાત તબીબ કહી ગયો છે કે "ધરમ એક લંગર છે કે જ્યારે આજના વખતમાં લોકો પોતપોતાની મરજી મુજબ ચાલવાનો જોશ રાખે છે ત્યારે તેને ઠેકાણે રહેવા વાસ્તે ધરમનો પાયો ધરી રાખવા જેવું બીજું કોઈબી લંગર માણસને વાસ્તે સલામત નથી તેથી આપણા ધરમનું પુરતું ખરે રૂપે જ્ઞાન આપવું જોઇએ. હું આગળ કહી ગયો છું તેમ જુવાનીનો વખત ઘણો કીમતી છે. અને મી૦ અબદલા મહેરાલી ધરમશી આગલ કહી ગયા છે તેમ જુવાનો દરેક હીલચાલમાં પહેલા છે અને જે નવા સુધારા થાય છે તે જુવાનો થકીજ થાય છે. માણસની મરજીને કેળવવાનો વખત તથા તેમને નામના કહાડવાનો વખત તેની જુવાની છે. તે વખતપર મનપર જે છાપ પડે છે તે હમેંશ તે ઉપર વલગી રહે છે અને તે વખતે તેણે પકડેલી સારી કે માઠી આદતો તેનાથી મરણ સુધી મુકાતી નથી. વાસ્તે એ વખતે માણસે પોતાની નેમ સદાચરણથી ચાલવાની રાખવી. અને હમેંશ સદવરતુણુક રાખવાનો નકી ઠેરાવ કરવો તે આ જગતમાં સુખી રહેશે. એક સૌથી મોટામાં મોટું ઝાડ કે જે આપણે જોઇએ છઇએ તે તેના આટલા ઊગ્યા અગાઉ બહુ નાનું હોય છે. અને પછી જ્યારે ઝાડ મોટું થાય છે ત્યારે આપણે તેના સુંદર છાયડાની નીચે બેસીએ છઇએ ત્યારે આપણી નજરે તેની મજબુત મોટી ડાંખલીઓ ખુશનુમા રીતે પવનની લહેકીમાં આગથી તેમ ડોલા ખાતી જણાશે. આ જોઇને આપણે બોલીએ છઇએ કે શું સુંદર ઝાડ છે તેને ઊગતાં કેટલા દીવશો લાગ્યા હશે પણ તે ઝાડનું બી કેટલાક વરસો અગાઉ જ્યારે રોપ્યું ત્યારે તે એક રાઇના દાણા અથવા એથી વધારે જેટલું હતું કે જે બીયાને આપણા વડીલો ઘણીજ સંભાલથી રાખતા હતા, પણ અગર જો તે બીયાને જેમ ગમે તેમ બેદરકારીથી ઉગવા દેતે તો તે ઝાડ જે આજે જેવું શરસ ઉગીયું છે, તેવું ઉગી શકતે નહી. ડાંખલીની જીંદગીનો સઉથી સરસ વખત જ્યારે તે નાની હોય છે ત્યારે આપણે જેમ તેને વાલીએ તેમ વલે છે. અને આપણો નામાકીંત ગ્રંથ કર્તા શેખશાદી

કહી ગયા છે કે "ચુએ તર રા ચનાનચે ખાહી પીચ, તેવીજ રીતે આપણે જુવાનો તે ડાંખલીને મલતા આવીએ છઇએ. આપણે જ્યારે જુવાન હોઇએ છઈયે ત્યારે તે ઝાડની દાંખલીની માફક આપણી ચાલને જેમ વાલવા માંગીએ તેમ વલી શકાય એવી હોય છે. મરનાર ડાકટર મેકલીઅડ જુવાન માણસોને કેવી કેળવણી હોવી જોઈએ તેનું વર્ણન નીચે પ્રમાણે કરે છે. તે કહે છે કે માણસ જાતની વસ્તીમાં અલબત ગરીબોની સંખ્યા ઘણી મોટી છે. તેઓને તો એવી કેળવણી જોઇએ કે જેથી તેઓ પોતાની ફરજો સમજે, મહેનત કરવાના ફાયદા જાણી ઉદ્યોગી રહે. પોતાની તંન્દુરસ્તી અને સફાઇ જાલવવા શીખે, દારૂ અને બીજી નાશકારક વસ્તુઓથી દુર રહે, માયાળુ થવા શીખે, પીતા તરીકેની પોતાની ફરજો સમજે, પોતાના આપેલા વચનો પાળવા શીખે. અને તે સાથે વલી સ્વતંત્ર, સત્યા, અને પ્રમાણીક રહે, વલી તેઓ પોતાના દેશના ઇતીહાસથી અને ધારાઓથી વાકેફ થાય, અને કેળવણી એવી હોવી જોઇએ કે જેથી તેઓ પોતાના દેશ તરફની પોતાની ફરજો સમજી વફાદાર પ્રજા થઇ રહે. પણ દલગીરી માત્ર એટલીજ છે કે એવી નેમથી કેળવણી સંપાદન કરવાપર કાંઈપણ ધ્યાન આપવામાં આવતું નથી." કદાચ આપણે આપણી ચાલુ કેળવણીનો કાંઈપણ વીચાર નહી કરીશું તોપણ આપણી કેળવણી તો હમેશ સુધી ચાલુ રહેશે. સારી અસરોને આપણા ધ્યાનમાં લઈને ખરાબ અસરોને કહાડી નાખવી એ આપણી કેળવણી છે અને આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે જેવી ચાલ આપણે ચલાવશું તે આપણા મન ઉપર હમેંશ સુધી અસર કરતી રહેશે. કેટલાક વરસ અગાઉ અમેરીકાના મીસીસીપી નદીને કીનારે ઉંડા ખડકોમાં માણસના પગલા જણાયા તે પોચી નરમ રેતીમાં પડેલા હતા તે નરમ રેતી દહાડે દહાડે કઠણ થતી ગઈ, એમ કરતાં તે કદી પણ ખસે નહીં એવો પથ્થર થયો. એવીજ રીતે જેમ જેમ આપણે મોટા થતા જઇએ છીએ તેમ તેમ આપણી ચાલ ચલણો પેલી પોચી રેતીની માફક કઠણ થતી જાય છે. અને તેની સારી કે માઠી અસર જડ ઘાલી બેસે છે. તા૦ ૨૫ મી નવેમ્બર સન ૧૮૯૨ ના રોજ અમદાબાદમાં મોહમેદનની કેળવણી અને સંસાર સંબંધી સ્થીતી સુધારવાને ભરાયલા કાનફરન્સ વખતે પ્રમુખસ્થાને આપણા માનવંતા અને વીદ્વાન શેઠ મી. એ. એમ. ધરમશી બીરાજ્યા

હતા. તે વખતે તેઓએ અંગ્રેજીમાં એક ભાષણ આપ્યું હતું તેનો એક ફકરો અહીં ટાંકી બતાવવો ઘણોજ અનુકુલ થઈ પડશે. એ ફકરો ટાંકીને હું સમાપ્ત કરીશ અને તે એ છે કે "ઇસલામી ધર્મને તે પાલનારાઓની તવારીખ ઉપરથી નજર પહોચાડીશું તો ખાતરી થશે કે આજના જમા-નાની વીધા સાહીત્ય અને સુધારો તે ધર્મને આભારી છે અને પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે લગભગ આઠ સદી સુધી સ્પેનના રાજ્યો તેના મેહોમેદન રાજ કરતાઓની સતા તળે યુરોપમાં સુધરેલા અને જ્ઞાનનોજ ફેલાવો કરનાર રાજ્ય તરીકે દાખલો બેસાડેલા છે. હુન્નર સાહીત્ય અને વીધા તે વખતે જેવી આબાદ હતી તેવી આબાદ હાલત બીજા રાજ્યમાં નહીં હતી. વીધાનો ઝરો મેહોમેદન શેહરોમાંજ વહેતો હતો. તેમાંથી વીધારૂપી પાણી પીવાને માટે ફ્રાન્સ જરમની અને ઇંગલંડમાંથી સંખ્યા-બંધ વીધાર્થીઓ ત્યાં જતા હતા જે બાબતો એક રાજ્યને આબાદ અને મહાન બનાવે છે, તે બાબતો મેહોમેદનોની સતા તળેના સ્પેનના રાજ્યમાં માલમ પડતી હતી એ રાજ્યને ત્યાંના પ્રોફેસરો ને શીક્ષકોએ તે વેળા યુરોપની કેળવણીનું મધ્ય બિન્દુ બનાવ્યું હતું તેવી રીતે જોતાં અસલ મેહોમેદનો ઘણીજ ચડતી હાલતમાં હતા." અને હાલ આપણે આપણા થકી જ્ઞાન મેલવેલા લોકોથી ઉતરતી પાયરીના છઇએ એ ઘણું દલગીરી ભરેલું છે તોપણ હવે પછી આપણો દરજ્જો જે ગુમાવી દેવામાં આવ્યો છે, તે ઉમંગથી આપણે તથા આપણી હવે પછીની ઓલાદે પાછું સંપાદન કરવાને કોશેશ કરવી અને તેમાં આપણી દરેક ફતેહ ઈચ્છીશું.



# વખતનો ઊપ્યોગ.

ભાષણ કર્તા—**મીઠ ઈશમાઈલ કાસમભાઈ પીરેદીના**

પ્રમુખ—**મામદભાઇ હાસમ દાતુ.**

તા૦ ૧૩—૧૦—૯૫.

તમોએ લગભગ દરેક જણને મહોડેથી સાંભલ્યું હશે કે વખત ઘણો કીમતી છે અને તે પાણીના રેલાની માફક વહે છે. હવે જો કે ઘણા લોક એવું બોલી જાણે છે તોપણ તેને ખરો ઉપયોગ કેમ કરવો એ ફક્ત થોડાનેજ ખબર છે; આપણે એવું વીચારીએ છીએ કે આપણી પાસે એટલો વખત છે કે ગમે તેમ તેનો ઊપ્યોગ કરી શકશું. પણ એ સમજવું ઘણું ભુલ ભરેલું છે કારણ કે ગમે એવો અખુટ ભંડાર પણ ગેર રીતસર વાપર્યાથી ખપી જાએ છે તથા તેનો ધણી ખરાબીમાં ફસી પડે છે તેવીજ રીતે એક નકામો માણસ વખતનો ગેર ઊપ્યોગ કરવાથી તેમજ આલશાઇમાં રહેવાથી બદબખ્ત તથા કંગાલીઅતમાં આવી પડે છે.

આપણી જીંદગીનું સાર્થક એજ કે તેનો સારો ઊપ્યોગ કરવો અને તેમ કરવાની જે એકજ રીત છે તે એ કે જે ટુંક વખત આપણને મળે છે તેની એક પળપણ નકામી ગુમાવવી નહીં. બુદ્ધીવાન માણસો વખતનો ખરો ઊપ્યોગ કેમ કરવો એ બરાબર રીતે જાણે છે અને તેઓ પોતાનો આખો વખત કામમાં અથવા કાંઇ સારી બાબતમાં રોકી રાખે છે; સઘળી ખરાબીનું મુળ એ આલ્લશાઇ છે, અને એક આળસુ માણસ જેટલો ધીકારને પાત્ર છે એવો બીજો કોઇ પણ હશે નહીં. આએ તકે આપણા કેટલાક જવાનીઆઓ પોતાનો વખત આલશાઇમાં તથા નકામી રીતે ગુજારે છે, તે વીશે જો હું બે બોલ બોલું તો વાજબી ગણાશે. તેઓ માંહેલા જેઓ વીધાર્થી છે તેમાંથી કેટલાક ફક્ત નીશાળોમાં હાજર

થવું એટલુંજ જાણે છે અને જેટલું ત્યાંથી ભણ્યા એટલું ભણ્યા એવું વીચારી પોતાના ઘેરની અંદર અભ્યાસપર બીલકુલ ચીત આપતા નથી. તેઓની આલશાઇનું પરીણામ ઘણું ખરાબ આવે છે. કેમકે વરસોના વરસો સુધી તેઓ એકજ વર્ગમાં પડયા રહે છે અને આખરે તેઓના માબાપ કંટાળીને તેઓને અભ્યાસપરથી ઊઠાડી મુકે છે. કેટલાક જવાનીઆઓ એવા છે કે પોતાનો ફુરસદનો વખત અભ્યાસ ઊપર રોકવાને બદલે ઇરાનીઓની ચાની દુકાન ઉપર તેમજ કાવાખાનામાં ઊજાગરો કરીને ગુમાવે છે, અને તેના પરીણામ તરીકે તેઓ કામ ઊપરથી બે દીલ થઇ જાએ છે તેમજ પોતાના શરીરની પણ ખરાબી કરે છે. તેઓ પોતે એકલા ખરાબીમાં ફસી પડે છે એટલુંજ નહીં, પણ પોતાના કુંટુંબને પણ ખરાબીમાં લાવી મુકે છે. એટલા માટે દરેક શખસને લાજમ છે કે પોતાના કામનો વખત કામમાં લગાડવા ઊપરાંત પોતાના ફુરસદ વખત પણ ઊપ્યોગમાં લેવો, અને તેને કોઈ સારી રીતે રોકી રાખવો કે જેથી આલશાઈપણાની ટેવથી બચે. હવે ફુરસદ વખત કેવી રીતે રોકવો તે વીશે આપણે થોડું બોલીએ; પહેલું ખુલી હવામાં સવાર સાંજ થોડા વખત ફરવું તથા કોઇ જાતની કસરત કરવી એવી રીતે કરવાથી આપણે વખત ગુમાવતા નથી. પણ તેને સાચવીએ છીએ કારણ કે આપણા મગજને તથા શરીરને રાહત મલવાથી આપણે અભ્યાસ અથવા કામ બેવડી ઊલટથી કરવાને શકતીવાન થઇએ. બીજું સારૂં વાંચણ રાખવું એ પણ વખતનો ખરો ઊપ્યોગ કરવા બરોબર છે. કેહવત છે કે "ટીપે ટીપે સરોવર ભરાય તથા કાંકરે કાંકરે પાળ બંધાય." તેવીજ રીતે જો ફુરસદનો વખત કોઈ પણ જાતના સારા વાંચણમાં રોકેલો હોએ તો થોડી મુદતની અંદર આપણે જ્ઞાનનો સારો જેવો ભંડોળ એકઠો કરશું. હવે વાચવું એ તો ઠીક પણ વાંચવું કેવી રીતે તે જાણવું ઘણું અગત્યનું છે. એકાદ ચોપડી હાથમાં લીધી તથા તેને એક બે દહાડામાં પુરી કીધી એ કાંઈ ખરી રીતનું વાંચણ નથી પણ મગજની ઊપર નકામો બોજો કર્યા બરોબર છે. દરેક પાનું બલકે દરેક વાકય ધીમેથી તેમજ સમજીને વાંચવું અને એક પુરૂં થાએ ત્યાર પછીજ બીજા ઉપર જવું. કારણ કે એમ કીધા શીવાએ એક ચોપડી આંખી વાંચેલી હશે તો પણ તે માંહેલી બાબત આઠ પંદર દહાડા પણ યાદ નહીં રહેશે.

કેવી જાતની ચોપડી વાંચવી એ તો દરેકના શોક ઉપર આધાર રાખે છે, પણ કલ્પીત જોડી કહાડેલી વારતાઓ કે જે વાંચવાથી આપણા જુસાઓ ઊસકેરાએ તથા આપણી નીતીનો ભંગ થાએ તેનાથી દુર રહેવું એ સારૂં છે, અને બનતા સુધી નીતી સંબંધી, સંસાર ઊપ્યોગી, એલમ હુન્નરની તથા મહાન પુરૂષોની જીંદગીની તવારીખની ચોપડીઓ વાંચવામાં માહાવરો રાખવો.

એક બાબત બીજી એવી છે કે જેથી આપણે આળશુ થવા માંગતા નથી તો પણ આપણે આળશુ થઇએ છીએ અને તે કોઇ પણ કામ ઢીલમાં રાખવું એ છે; અંગ્રેજીમાં કહેવત છે કે ઢીલ એ વખતનો ચોર છે તે કહેવત બરોબર છે. ગમે તે કામ હોએ તે પહેલાં કરવું જોઇએ અને તે પુરૂં કરવા વગર મુકવું નહીં. તમોએ ઘણાંઓને બોલતાં સાંભળ્યું હશે કે "કાંઈ નહીં આ કામ આપણે પછીથી કરીશું અથવા કાલે કરીશું" અને પછી તે કામ કરવાની વારી અથવા કાલ કદી આવતીજ નથી. એવા માણસોનું કામ તમોએ ખાત્રીથી જાણવું કે ખોરંબે પડ્યું. આપણા હિંદુસ્તાનના આગલા કેટલાક નવાબો તથા રાજાઓ જ્યારે કોઇ દુસ્મન પોતાપર હુમલો લાવવાની તઇઆરી કરેછે એવું સાંભળતા ત્યારે તેને માટે સામે થવાને ઘટતી હુશીઆરી દેખાડવાને બદલે પોતે મોજ મજાહ તથા એશ આરામમાં રહીને બધી ચીજો મુલતવી રાખતા અને તેનું પરીણામ જે આવ્યું છે તે એજ કે તેઓ તેમજ આપણે પારકા લોકોના હાથમ· તાબેદાર થઇ પડયા છઇએ. ઘણી વખતે કોઈ કામ કરવાની આપણી મરજી છતાં તે મુલતવી રાખવાથી ન ધારેલી હરકતો આપણને નડે છે અને તે કામ કરવાને આપણે અશકતીવાન થઇ પડીએ છીએ; માટે સ-વંથી સરસ રીત તો આપણે ઉપર કહી ગયા તે પ્રમાણે કોઈ પણ કામ સામે આવ્યું તો તેને પુરૂં કર્યા વગર જતું મેલવું નહીં.

કામની અંદર ઝડપ બતાવવી એ વખતનો ઉપ્યોગ તથા બચાવ કરવાના જેમ છે તથા એક કામ હાથમાં લીધું અને તે સુસતીથી કરવું એ આપણને ઠગવું તથા વખતનો નાશ કરવા જેમ છે. વળી દરેક કામના અંદર ચોકશ નીયમ રાખવાથી પણ વખતનો મોટો બચાવ થાએ છે. અનીઅમીતસર થોડોક વખત એક કામ કરવું તથા પછીથી

બીજું કરવું તો એમાંથી એક પણ કામ બરોબર થતું નથી. માટે એ ઘણું જરૂરનું છે કે કામ કરવાને માટે વખતનો એક કોઠો બનાવવો અને તેમાં નોંધી રાખવું કે ચોકસ કામ એક વખત કરવું તથા બીજું કામ બીજે વખતે કરવું. એમ કરવાથી કોઇ પણ કામ આપણાથી સુધરી શકે છે અને તે કરવાથી આપણને કંટાળો પણ લાગતો નથી. એવો નીયમ થોડા દહાડા બરાબર પાલવાથી આપણે તે પ્રમાણે ચાલવાને આદત પડે છે અને ફકત જો ન ધારેલી હરકતો આપણને નડે તોજ તે નીયમ તોડવાને આપણું મન થશે. નહી તો તે પ્રમાણે ચાલવાને આપણને સગવડ તથા મજાહ લાગશે. આપણા કામ કાજને માટે નીયમ બાંધવો એટલુંજ નહીં પણ રમત ગમત તથા ફરવા હરવા માટે પણ નીયમ રાખવો કે જેથી તેના અંદર પણ આપણા વખતનો બચાવ થાએ તથા આપણને વધારે ખુશાલી ઊપજે. ઉંઘવાને માટે પણ નીયમ રાખવો. મારા ધાર્યા પ્રમાણે એક તંદુરસ્ત માણસને સાત કલાકની ઉંઘ પુરતી છે. ફકત એકજ અઠવાડીઊં એક ચોકસ વખત ઉઠવાની કાલજી રાખવાથી આપણી આંખ ત્યાર બાદ પોતાની મેલે ઉઘડી જશે.

ઘણા લોકો એવું ધારે છે કે ખરી મોજ ત્યારેજ ભોગવાએ કે જ્યારે તેઓ કાંઇ પણ વીધા અભ્યાસ તથા કામ કાજમાં ગુંથાએલા નહીં હોએ પણ એ વીચારવું ઘણુંજ ભુલ ભરેલું છે. જ્યારે લોકો એવું ધારે કે આળશુ બેસી રહેવું અને કાંઈ કરવું નહીં ત્યારે તેઓની હાલત પશુ કરતાં પણ ખરાબ છે. આવી રીતે નકામા બેસવાથી તથા વખત ગુમાવવાથી બહુ સાવધ રહેવું જોઇએ કારણ કે નહીં તો આપણી સુસ્તીને લીધે બીજાની ખુશાલીનો પણ આપણે ભંગ કરશું.

છેલ્લો વખતનો ઉપ્યોગ તમારૂં મગજ કાંઇ હલકા અથવા નજીવી ચીજ ઉપર રોકીને કરતા ના, પણ કાંઇ લાયક ચીજ ઉપર મન લગાડજો: કેટલાક લોકો જે વખત અગત્યની ચીજો ઉપર આપવો જોઈએ તેને ઠેકાણે હલકી નજીવી ચીજો ઊપર આપે છે અને તે ચીજો જાણે કે મહાભારત હોએ, એમ સમજી અતી ઘણી ગંભીરાઇથી તેની તલાશ કરે છે, મારી કહેવાની મતલબ એમ નહીં સમજવી કે નાની ચીજો

જેમાંથી આપણું કામ નીકલવાની આશા છે અને જેમાંથી કોઇ મોહટી શોધ થઈ શકે તેને હલકી અથવા નજીવી ગણવી. પણ મારી કહેવાની મતલબ ફકત એટલીજ કે જે ચીજોમાં આપણને બીલકુલ હાંસલ નથી. તેને મોટું વજન આપવું નહીં. ટુંકમાં વખતની ખરી કીંમત સમજો. તેની દરેક પળ સંભાલો અને સારી રીતે વાપરો. કોઈ પણ કામમાં આળશાઇ, સુસ્તી તથા ઢીલ કરો નહીં અને આજે બનતું હોએ તે કાલ ઉપર મુલતવી ના રાખો.

# હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્ય.

ભાષણ કર્ત્તા—**રજબઅલી રામજી.**

પ્રમુખ—**મી૦ ઈભરામભાઈ રહેમતલા કાદરભાઈ.**

તા૦ ૩-૧૧-૯૫.

ઉપલા મથાળાના વિષયપર વિવેચન કરતાં નીચેની દરેક બાબદોનો ટુંક ઇતિહાસ તથા હિંદુસ્તાનના સંસારીક રીવાજોનો ખ્યાલ આપવાની ખાસ જરૂર છે. હિંદુસ્તાનનો પુર્વે જ્યાં સુધી ઇતિહાસ મળી શકે છે ત્યાં સુધીની નીતી રીતીઓ તથા રાજ્ય સંબધી ખ્યાલ તથા વચ્ચેગાળેનો વખત જે સદંતર બદલાઇ ગયો અને અંગ્રેજોનો પગપેસારો હિંદુસ્તાનમાં થયો તથા તેઓની રાજ્યસત્તાનો હાલના વખત સુધીનો સંપુર્ણ વીગતવાર હેવાલ નીચેના વીવેચનથી સ્પષ્ટ જણાશે.

આ દુનીઆની સપાટીપર દરેક ચીજની ચડતી પડતી હાલત આવે છે. જેમ દરીઆમાં ભરતી ઓટ થાય છે, તેવી રીતે એક વખતે પોતાના વેપાર, પૈસા, હુનર વીગેરે માટે પ્રખ્યાત હિંદુસ્તાન સાથે પણ થયું. અગાઉના વખતમાં હિંદુસ્તાન કેવું પ્રખ્યાત હતું તે વિશે શું આ દેશના કે પરદેશના વિદ્વાનોમાં બેમત છેજ નહિ. અસલની કેટલીક કારાગીરી વિદ્યા હુનર તથા વિદ્વતા ભરેલા લખાણોની હાલમાં પણ સુધરેલા દેશો નકલ કરે છે. ઇંગલંડ તથા અમેરીકાને પણ હિંદુસ્તાન પાસેથી ઘણું શીખવાનું હતું જેના દાખલા મેળવવા મુદલ મુશકેલ પડશે નહીં. એક વખત એવો હતો કે એશિઆ અને યુરોપના તમામ દેશોમાં ભરતખંડ પોતાની વખણાયલી ચીજો પુરી પાડતો, જ્યારે એજ દેશની પ્રજા ઉપલા દેશોપર પોતાની હાજતો માટે આધાર રાખી બેઠી છે. આવી રીતે હિંદુસ્તાનની બદલાઇ ગયેલી હાલત વીશે કયા સ્વદેશીને

દીસે દાઝ ઉઠશે નહીં? જેઓ ખરેખરા અંતઃકરણથી પોતાના દેશને ચાહે છે તેઓને પોતાની આવી આવી પડેલી હાલત વીશે તો જરૂર લાગશેજ. હિંદુસ્તાનમાં સોનું રૂપું ઝવેરાત તથા બીજી અનેક ઉત્તમ ચીજો પેદા થતી, વિદ્યાકળાની તે વખતે જુવાન હાલત હતી. શુરવીરપણામાં તથા પોતાના ધર્માચાર્યપણામાં લોકો શ્રેષ્ટ હતા. જમીન પણ ઘણી ફળદ્રુપ હતી તથા દરેક રીતે હિંદુસ્તાન બીજા રાજ્યોની અદેખાઈ થેઇ પડ્યું હતું આજે પણ તેની અસલી જાહોજલાલી તરફ જોતાં માત્ર માંસ, લોહી વીગેરે ખવાઇ જઇને હિંદુસ્તાન એક હાંડપીંજર રહ્યું છે તોએ પણ કેટલાક રાજ્યોની એનીપર આંખ છે એજ એની પુર્વની હાલતનો સંપુર્ણ ખ્યાલ આપે છે. હિંદુસ્તાન હાલના વખતમાં જો કે પૈસાની બાબદમાં જોતાં દ્રવ્ય પરદેશમાં ઘસડાતું ઘણુંજ માલમ પડે છે તોપણ કેવત છે કે ઘોડો થાકયો તો શું ગધેડા કરતાં પણ હલકો ગણાશે? તે પ્રમાણે હજી પૈસે ટકે દેશ શુખી જણાય છે.

અંગ્રેજોના પગ પેસારા અગાઉ હિંદુસ્તાનની હાલતનો ટુંક ચીત્તાર ઉપર આપ્યા પછી, હિંદુસ્તાનની પડતી દશા આવવાના કારણો હવે જણાવવામાં આવશે. ઘણાક કારણોમાંથી સૌથી પહેલો દરજ્જો કુસંપને આપવામાં આવે છે. દેશના જુદા જુદા રાજકર્તાઓમાં ઉપલો સડો દાખલ થયો. એનો ઇતિહાસીક દાખલો આપવો ઘણોજ ઉપયોગી થશે.

ઇ. સ. ૧૦૦૦ માં હિંદુસ્તાન ઉપર કહ્યું તેમ જુદા જુદા નાના રાજ્યોમાં વહેંચાયલું હતું. એ વખતે કુસંપ અને અદેખાઇ એ જુદા જુદા રાજાઓના મનમાં ઘર કર્યું અને એનો લાભ લઇ મુસલમાન રાજાઓએ જુદે જુદે વખતે ઘણા હુમલા કર્યા અને અંતે દેશના ધણી થઇ લાંબો વખત શુધી આ દેશને પોતાની સત્તા હેઠળ રાખ્યો. જે વખતે મુસલમાનોએ હુમલા કરવાનું શરૂ કીધું તે વખતે હિંદુસ્તાન નીચલા વિભાગોમાં વહેંચાયલું હતું અને જુદા જુદા રાજાઓ રાજ્ય કરતા. દક્ષિણમાં ચેરા, ચોલા અને પાંડવવંશના રાજાઓ રાજ્ય કર્તા. ઉત્તરમાં કનોજ, અજમેર, ગુજરાત તથા દિલ્લીમાં બળવાન રજપૂત રાજાઓ રાજ્ય કરતા. જ્યાં સુધી એક બીજાની સલાહ પ્રમાણે ચાલવું, પોતાના રીવાજો તેમજ ધર્મનું રક્ષણ કરવું વીગેરે બાબદોપર ઉપલા રાજ્યો એક મત

થતા ત્યારે બીજા કોઇ પરદેશી રાજાને તેઓ ઘણી બહાદુરી સાથે પોતાના દેશમાંથી હઠાવી કાઢતા. આ મતના ટેકામાં મહમદ ઘીઝનવીની હિંદુસ્તાન-પર ૧૭) સ્વારીઓ તથા શાહબુદીન ઘોરીની ૯) સ્વારીઓ આપવામાં આવી છે. એ બધી ઉપલી હિંદુસ્તાનપરની સ્વારીઓ થઈ ત્યારે પરિણામે પજાંબનો થોડો ભાગ મુસલમાનોના હાથમાં આવ્યો.

૧૧૯૧ માં થાણેશ્વરની લડાઇમાં અજમેરના પૃથ્વીરાજ બહાદુરે ઘોરીશાહને ચોથીવાર જબરી હાર આપી.

પાછળથી બહાદુર પૃથ્વીરાજ તરફ કનોજના રાજા જયચંદ્ર રાઠોડ અને ગુજરાતના રાજાઓ અદેખાઈ દેખાડવા લાગ્યા અને ઉલટા સ્વદેશી રાજાને મદદ ન કરી શકયા એટલુંજ નહીં પણ સામા દુશમનોની સાથે મલી જઇ સ્વદેશી રાજાને તોડી પાડયો અને પરીણામે જેમ કહેવત છે કે મુર્ખ માણસ જે ઝાડની દાંખળી પણ બેઠો હોય તેનેજ મુળમાંથી કાપતો હોય ને પોતે પડીને જોખમાય તેવી રીતે તેઓએ પોતાના રાજ્યની પણ પડતી આણી. ફળ આપતા ઝાડને તેઓએ જડ મૂળમાંથી ઉખેડી નાખ્યું અને આગળ જેમ જણાવવામાં આવશે તે પરથી સીધ્ધ થશે કે સ્વદેશી રાજાઓનું જોર અને દોર તદન નાબુદ થયું.

અલાઉદીન ખીલજીના વખતમાં તો ઉત્તર તરફના રાજાઓના સરવે મુલકો મુસલમાની રાજ્યની જોસરી હેઠળ આવ્યા, દક્ષીણમાં પણ મુસલમાની સત્તા ફેલાઈ અને મહમદ તઘલખના વખતમાં ઉત્તર તેમજ દક્ષિણના ઘણાં ખરા રાજયો એકજ મુસલમાન રાજાના તાબામાં આવવા જેવા થયા હતા.

હિંદુસ્તાનના રાજાઓ ઉપર જણાવ્યા મુજબ પોતાના પગપર કુહાડી મારવા લાગ્યા અને પરીણામે દેશ પોતાના હાથમાંથી ખોઇ બેઠા ત્યારે દેશમાં કારીગીરી. હુન્નર, તથા વેપારમાં પણ કેટલાક ફેરફાર થવા લાગ્યા હતા અને તેથી દેશ વધારે ખરાબ સ્થીતીમાં આવી પડયો. રાજ્ય સાથે સંબંધ ધરાવનારાઓ પૈસે ટકે સુખી થવાથી મોજ શોખ ભોગવવા લાગ્યા. કારીગરોને ઉત્તેજન આપનારાઓની નજર માઠી પડી ગઈ એટલે દેશનું કળા કૌશલ્ય નાશ પામ્યું. ધર્મને લગતા કેટલાક વહેમોને લીધે પણ હુન્નર કળાને ધોકો પોંચ્યો હતો. ધર્મના ઉપાધ્યાઓ